Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૩૩ • તા. ૧૫ ઑગસ્ટ ૨૦૧૬ થી ૨૧ ઑગસ્ટ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## બાયઠ ગામે ૧૭ વરસ પછી ગામના સાંસરિક સુપુત્રી મ.સા.નું ચાતુર્માસ મળતા તેમની નિશ્રામાં ધર્મ આરાધના કરવાના ચઢતા ભાવો પ્રવેશ નિમિત્તે તાદૃશ્ય થયા





પરમ કૃપાળુ પરમાત્માની અચિંત્ય અસીમ કૃપાથી અને તપસ્વી રત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદય સાગરસુરીશ્વરજી મ.સા.ની શુભ આજ્ઞા આશીષથી સત્તર (૧૭) વર્ષના લાંબા ગાળા બાદ અમારા બાયઠ ગામે અમારા ગામના સુપુત્રી શ્રમણી રત્ન પ.પૂ. ગુણમાલાશ્રીજી મ.સા.ના સુપુત્રી પ.પૂ. સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ પ્રાપ્ત થયું.

### ચાતુર્માસ પ્રવેશની વિગત

સૌ પ્રથમ તા. ૧૫-૦૭-૨૦૧૬ના સાંજના ચાર્તુમાસના મુખ્યદાતા માતુશ્રી સોનબાઈ મેઘજી હીરજી ગોસર પરિવારનું ઢોલીયોના ઘમઘમાટ સંગીતે બહોળી સંખ્યામાં બાયઠવાસીઓ તથા નિયાણી બહેનોને સથવારે સ્વાગત થયું.

તા. ૧૬-૦૭-૨૦૧૬ શનિવારના સવારના ૮ કલાકે ઝરમર વરસાદનાં શુભ આરંભે બેન્ડવાજા તથા ઢોલ શરણાઈના રણકતા સંગીતમય સથાવારે ધાર્મિક ગીતોના સથાવારે તથા બેડાઓના શણવારે અગ્રણી મહાજનો તથા વૈષ્ણવ સમાજના આગેવાનો તથા બાયઠવાસીઓ તથા નિયાણી બહેનોની બહોળી સંખ્યામાં પ.પૂ. સાધ્વીજી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીજી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણાનું સામૈયું બાયઠગામના પ્રવેશ દ્વારે થયું.









# બાયઠ ગામે ચાતુર્માસ ધર્મ આરાધના કરવાના ચઢતા ભાવો પ્રવેશ નિમિત્તે તાદશ્ય થયા










વિશાલ વરઘોડાના અતિધર્મમય ઉત્સાહથી વરઘોડો પ્રવેશ દ્વારથી રવાના થઈ વાજતેગાજતે દેરાસરજીનાં પ્રાંગણમાં પહોંચતા એનું ભવ્યાતિભવ્ય સ્વાગત થયેલ.

આ પ્રસંગે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખ શ્રી કલ્પેશ માણેકજી મોતા, ઉપ પ્રમુખ શ્રી લેરીન વર્ધમાન ખોના, કચ્છ એકમના યુવા પ્રમુખ શ્રી મહેશ ખીમજી લાલકા, શ્રી અનંતનાથ મહારાજ જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડનું ટ્રસ્ટ મુંબઈના ટ્રસ્ટીઓ શ્રી કલ્પેશ માણેકજી મોતા, શ્રી હેમરાજભાઈ ગોસર, શ્રી લેરીન ખોના, તેમજ ભૂતપુર્વ ટ્રસ્ટી શ્રી ઠાકરશી મેઘજી ગોસર, શ્રી ક.દ.ઓ. સમસ્ત જૈન મહાજનના ટ્રસ્ટીઓ શ્રી કલ્પેશભાઈ મોતા, શ્રી લેરીન ખોના, શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા, શ્રી નિલેશ મેઘજી પોલડીયા, અખીલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના માનદમંત્રીશ્રી કલ્પેશ માણેકજી મોતા, શ્રી મુંબઈ મહાજનશ્રીની વ્યવસ્થા પક્ષ સમિતિના સભ્યશ્રી હિતેશ ભોજરાજ નાગડા, શ્રી મુકુન્દ મણીલાલ તથા માંડવી તાલુકા પંચાયતના શાસક પક્ષના નેતા શ્રી ગોવિન્દગર ગોસ્વામી તથા બાયઠ વૈષ્ણવ સમાજના પદાધિકારીઓ તથા બાયઠ ગામના ભૂતપુર્વ સરપંચ શ્રી શંભુભાઈ ભાનુશાલી તથા નીચે પ્રમાણેના ગામોના મહાજનશ્રીના પદાધિકારીઓ તથા સભ્યો બાડા, દેઢીયા, લાયજા, ગોધરા, માંડવી, માપર, મોટી ઉનળોઠ, મંજલ, રાપર ગઢાવારી, સુજાપુર, ભીંસરા, ગાંધીધામ, વારાપધર, વીઝાંણ, નરેડી, ભોજાય તથા રાયધણજર વગેરે ગામોના આગેવાનોની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય ચાતુર્માસ મંગળ પ્રવેશ તદ ઉપરાંત જૈન સ્તવનો, સ્તુતિઓ તથા સંગીતના આલ્હાદકસુરે લગભગ ૩૫૦ જણની હાજરીમાં ચાતુર્માસ પ્રવેશ થયો જે અમારા ગામ માટે ગૌરવ સમાન ગણાય અને જૈન ધર્મનો જય જયકાર વર્તાયો.

પુજ્યશ્રીની નિશ્રામાં પ.પુ. ગુરૂદેવોને ચૈત્યવંદન, પુજ્યશ્રી મ.સા.ને ચૈત્યવંદન, સ્વાગત ગીત શ્રી રમેશભાઈ છેડા અને માતુશ્રી વિજયાબાઈ ગોસર તથા બહેનો દ્વારા સ્વાગત ગીત ગવાયા બાદ પુજ્યશ્રીનો માંગલિક ઉદ્‌બોધન અને ગુરૂપૂજન ધમેબિંદુ ગ્રંથ કામસેન ચારિત્ર તથા પાંચજ્ઞાન પૂજનના ચડાવા ઉછળતા અને ઉભરતા ભાવે અતિ ઉલ્લાસભર્યા વાતાવરણમાં થયા.

મુંબઈ મહાજન શ્રીના પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ કચ્છ એકમના પ્રમુખશ્રીનું ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું.





**બાયઠ ગામે ચાતુર્માસ ધર્મ આરાધના કરવાના ચઢતા ભાવો પ્રવેશ નિમિત્તે તાદશ્ય થયા** – પાનાં નં. ૨થી ચાલુ

| | | |
|---|---|---|
| ગુરૂપૂજનના લાભાર્થી પરિવાર | : | **માતુશ્રી લાખબાઈ દેવજી કુંવરજી ગોસર**, બાયઠ |
| ધર્મબિંદુ ગ્રંથ વહોરાવવાના લાભાર્થી | : | **ગં.સ્વ. મીનાબેન કલ્યાણજી મોમાયા**, વરાડીયા |
| ભીમસેન ચરિત્ર ગ્રંથ વહોરાવવાના લાભાર્થી | : | **માતુશ્રી ચંચલબેન લક્ષ્મીચંદ છેડા** |
| પહેલા મતિજ્ઞાનના લાભાર્થી | : | **માતુશ્રી બચુબાઈ લાલજી છેડા** |
| બીજા શ્રુતજ્ઞાનના લાભાર્થી | : | **માતુશ્રી ભારતીબેન વીરચંદ પોલડીયા** |
| ત્રીજા અવધિજ્ઞાનના લાભાર્થી | : | **શ્રી ચાંપશી માણેકજી લોડાયા, સાંધવ** |
| ચોથા મનપ્રર્યવજ્ઞાનના લાભાર્થી | : | **શ્રી વીરચંદ માણેકજી મહેશ્વરી, કોઠારા** |
| પાંચમા કેવલજ્ઞાનના લાભાર્થી | : | **માતુશ્રી સોનબાઈ મેઘજી ગોસર** |

પૂજ્યશ્રીને ધર્મબિંદુ ગ્રંથ તથા ભીમસેન ચરિત્ર ગ્રંથ વહોરાવ્યા બાદ પ્રવેશનો કાર્યક્રમ પુર્ણ થયેલ. આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા કવિઓ જૈન જ્ઞાતિ મહાજનનાં સભ્યો દ્વારા થયેલ. સૌએ નવકારશી તથા બપોરના સાધર્મિક ભક્તિનો લાભ લીધો. મહાજનશ્રી દ્વારા બપોરના ૨.૩૦ કલાકે અચલગચ્છધિષ્ઠિકા શ્રી મહાકાળી માતાજીની ભાવના સ્તવનો અને સંગીતની રમઝટ સાથે ભાવપુર્ણ ભણવવામાં આવેલ સાંજના ચૌવિહાર કરી જૈન ધર્મનો જય જયકાર વરસાવી પૂજ્ય સાધ્વીશ્રી હિત પ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા બે નો ચાતુર્માસ મંગળપ્રવેશ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયેલ. આ આખો દિવસ સંઘોનું આવાગમન રહ્યું જેમાં સાંયરા, જસાપુર, કોઠારા, તેરા, જખૌ, કોટડા રોહાના સંઘો પધાર્યા.

એજ લી. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, બાયઠ વતી**
**શ્રી ઠાકરશી મેઘજી ગોસર તથા શ્રી રમેશ તેજસી છેડાના જય જિનેન્દ્ર**

---


પ.પૂ. ભટ્ટારક જૈનાચાર્ય શ્રી જિનેન્દ્રસાગરસૂરીશ્વરેભ્યો નમઃ
॥ શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ॥

જય જય શ્રી અનંતનાથ

**શ્રી મહાકાલી દેવીના ૨૧ વરસ ઉત્સવે આમંત્રણ**

શ્રી અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજીનો ભક્તિ ઉત્સવ પહેડી ૨૧મું વરસ. આસો સુદ ૨ રવિવાર, તા. ૨-૧૦-૨૦૧૬ના ઘાટકોપર સભાગૃહ – રાષ્ટ્રીયશાળા સવારે ૮ વાગ્યાથી ૨ વાગ્યા સુધી રાખેલ છે. સૌ ભાવિકોને પૂજન-વંદન-પહેડી પ્રસાદ ભક્તિસંગીત મહાઆરતી દર્શને પધારવા આમંત્રણ.

**૨૧મા વરસના સહયોગી પરિવારો**
- **માતુશ્રી નવલબાઈ નવીનચંદ્ર ધરમશી** (પૂના-સુથરી)
- **માતુશ્રી દેવકુંવર ગુલાબચંદ ભાટે (ખોના), વિપીન ભાટે** (નાસીક-નલીયા)
- **માતુશ્રી ભાનુમતી બાબુભાઈ શાહ, અ.સૌ. પ્રવીણા રમેશ શાહ** (કોચીન-માંડવી)
- **કુમારી ઉર્વશી નીતિન કાન્તીલાલ નાગડા** (ડોંબિવલી-જખૌ)

**ભાવભર્યું આમંત્રણ સ્વીકારી ભાવિકો પધારશોજી.**

**ભક્તિસંગીત શ્રી કિશોર મનરાજા અને હંસકુમાર મૈશેરી તથા સાથી કલાકારો**

**નિમંત્રક : ● ૨૧મા વરસના દાતાશ્રીઓ ● યતિશ્રી મોતીસાગરજી મહારાજ ● શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

---

ACBL Estd 1984

# શ્રી અરિહંત કો. ઓપ. બેંક લી.

**Head Office :** GB 10 A & 10 B, Karma Stambh, Opp. Kailash Com. Complex, L.B.S. Marg, Vikroli (W), Mumbai - 400 083.
**H.O. Tel.:** 2579 9326 • **Fax :** 2579 9323 • **E-mail :** acblho@arihantbank.com

## ૩૩મી વાર્ષિક સર્વસાધારણ સભાની રીવાઈજડ નોટીસ (સુધારિત સૂચના)

**આથી સૂચિત કરવામાં આવે છે કે શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડની, ૩૩મી સર્વસાધારણ સભા શનિવાર, તા. ૨૦મી ઑગસ્ટ ૨૦૧૬ના બપોરના ૨.૩૦ વાગ્યે ધી ફાઈન આર્ટસ સોસાયટી, ફાઈન આર્ટસ ચોક, આર.સી. માર્ગ, ચેંબુર, મુંબઈ-૪૦૦ ૦૭૧ ખાતે મળનારી બધા શેરધારકો (સભ્યો) તેમની પાસેના શેરોની સંખ્યા કે ખાતામાંની રકમની કોઈ શરત વગર સહભાગી થઈ શકશે.**

**નોંધ : સભામાં સહભાગી થવા સભ્યોએ શેર હોલ્ડર આયડી કાર્ડ (ઓળખપત્ર) લાવવું જરૂરી છે**

**ખેતશી ડી. ખોના** (ચીફ એકઝીક્યુટીવ ઓફિસર)

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 33/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


**તંત્રી સમીપે**

## અનંતનાથજી જિનાલયની વર્ષગાંઠે......
## છૂટી ગયેલી ગાંઠના તાતણાં તૂટવાનો પ્રારંભ થાય તે પહેલાં.....



આ સપ્તાહમાં અનંતનાથજી જિનાલયની ૧૮૩મી વર્ષગાંઠ ઉત્સાહભેર ઉજવાઈ. અલબત્ત, આ ઉજવણીનો અધિકાંશ શ્રેય, ફક્ત માંડવી મસ્જીદ બંદરના અને તેમાં પણ 'અનંત નિવાસ', 'અનંતભુવન', જથ્થાવાળો માળો, મલબારી માળો ઈત્યાદી મકાનોમાં વસતા આપણા જ્ઞાતિજનોને જ આપવો રહ્યો. તે સૌ આબાલવડિલો - મહિલાઓ સહિત જાણે પોતાના ઘરમાં શુભ પ્રસંગ હોય તે રીતે તેમાં ઠાઠ-ઠકસાથી સામેલ થયાં ને તેને આત્મીયતાથી વધાઈ-વધામણાંનો ઉત્સવ બનાવ્યો.

મુંબઈના ઘાટકોપર, મુલુંડ, ડૉંબિવલી જેવા બહુસંખ્યક વસવાટવાળાં પરાંઓમાં અને અન્યત્ર વસતા સાડા ચાર હજાર જેટલા કુટુંબોની અધિકાંશ અનુપસ્થિતિ સામે ભલે અત્યારે આંગળી ન ચિંધીએ અને આ જિનાલયના ન કેવળ નામ સાથે પણ તેને જ્ઞાતિની બે સદી જેટલા સમય-કાળની અસ્મિતા-આસ્થાના પ્રતીક રૂપે જોડતા ''અનંતનાથજી ટ્રસ્ટ''ની અને તેની સાથે અવિચ્છેદપણે અસ્તિત્વ ધરાવતા ''મુંબઈ મહાજન''ની દર પાંચ વર્ષે યોજાતી ચૂંટણીઓમાં ચૂંટાઈને આ જિનાલયમાં જ સ્થિત ટ્રસ્ટબોર્ડ રૂમમાં ટ્રસ્ટી તરિકે અને મુંબઈ મહાજનના પદાધિકારીપદે આ જ જિનાલયના ઉપાશ્રયમાં મળતી સભાઓમાં વ્યવસ્થાપક સમિતિના સભ્યરૂપે છેલ્લાં પંદરેક વર્ષ પહેલાના વિસેક વર્ષ દરમ્યાન એક યા બીજા સમયે વિવિધ પદ શોભાવી ચૂકેલા હયાત પાંચસો જેટલા જ્ઞાતિ મહાશયોને પણ તેમની અનુપસ્થિતી બદલ ભલે અત્યારે મુક્તિ આપીએ તો યે છેવટે બે-એક વર્ષ પહેલાંના પંદરેક વર્ષ દરમ્યાન જોશ-ઉમંગથી ટ્રસ્ટી-મહાજનના અધિકારીએ સભ્યપદે રહી ચુકેલા બસો, અઢિસો જ્ઞાતિ મહાનુભાવોમાંથી લગભગ ૯૫% અને તેમની સાથે સાથે વર્તમાન ટ્રસ્ટ બોર્ડના અડધા જેટલા ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપક સમિતિના લગભગ ૬૫% સભ્યો આ ઉજવણીમાં ઉપસ્થિત ન રહ્યા તે હકીકત તેમજ 'અનંતછાયા'માં થોડાક મહીનામાં જ માલિકી ધોરણે ફ્લેટનો કબજો મેળવનાર સો એક કુટુંબોના ચારસો એક જ્ઞાતિજનો પણ અનંતનાથજી જિનાલય પ્રતિ ઋણ અદાયગીના પ્રતીક રૂપે આ ઉજવણીમાં ઉપસ્થિત રહેવાનો અવસર સાચવી ન શક્યા તે હકીકત જ્ઞાતિ વિષયક સમગ્રતયા વિચારણા કરતી વખતે અનેક રીતે પ્રસ્તુત બને છે.

આ જ દશ્યપટને થોડો વધારે વિસ્તૃત કરીએ તો, ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુરના જી.વી.સી સંઘ, મુલુંડના સર્વોદય મંડળ, ડૉંબિવલી મંડળ, મીડ ટાઉન સંઘ

જેવી જ્ઞાતિના ૬૫% વસતીનું પ્રતિનિધિત્વ કરતી અગ્રણી સક્રિય સંસ્થાઓના પદાધિકારીઓ અને સમગ્ર જ્ઞાતિની કેન્દ્રીય સંસ્થા ''સમસ્ત મહાજન''માં ગયા સપ્તાહે નિયુક્ત થયેલા ટ્રસ્ટીઓ અને સેક્રેટરી જનરલ સુધ્ધાંના મહાશયોએ પણ અનંતનાથજી જિનાલયના વર્ષગાંઠોત્સવને પોતીકો ગણીને તેને યથોચિત આદર-સન્માન આપવાની બહુમુલ્ય તક ગુમાવી તે હકિકતની પ્રસ્તુતતા પણ ઓછી ગંભીર નથી.

અલબત્ત, આવી પરિસ્થિતિ આ પહેલી વાર જ સર્જાઈ નથી. મુંબઈના જ્ઞાતિજનો 'અનંતનાથજી ટ્રસ્ટ' અને 'મુંબઈ મહાજન'ના સત્તા-વહીવાટ અને તે અંગે સતત ખેલાતા રહેતા રાજકારણમાં એટલા બધા ઓતપ્રોત રહેતા હોય છે કે જે 'અનંતનાથજી જિનાલય'ને લગતા પ્રશ્નોને સર્વોચ્ચ મહત્ત્વના ગણવા જોઈએ તેને બદલે તેઓ તે છેક છેલ્લા ક્રમમાં મૂકતા આવ્યા છે. આ રીતે, છેલ્લા પંદરેક વર્ષથી, અનંતનાથજી જિનાલયને એકલો-અટૂલો મૂકવા કે તેના નસીબે ત્યજી દેવા સિવાય કોઈ વિકલ્પ નથી તેવો ખાસ કરીને મુંબઈના જ્ઞાતિજનોનાં નિઃસહાયતાભર્યો ઉપેક્ષાભાવ અને સંવેદન શૂન્યતા ઉત્તરોત્તર વધતા રહ્યા છે.

પરંતુ છેલ્લા પાંચેક વર્ષ દરમ્યાન અનંતનાથજી ટ્રસ્ટના ફંડોમાં જે ઉપલબ્ધતા પ્રાપ્ત થઈ છે તેને ગણતરીમાં લઈએ તો 'અનંતનાથજી જિનાલય'ને હજી પણ વર્ષો સુધી જ્ઞાતિજનોના ધબકારાની નિકટતા આપી શકાય તેમ છે તે મુદ્દે જ્ઞાતિએ ધ્યાન કેન્દ્રિત કરવાનો હવે સમય આવી ગયો છે.

એટલે જ, અનંતનાથજી જિનાલયની સમીપમાં આપણો વસવાટ જારી રહેવો જ જોઈએ અને તે માટે જ્ઞાતિએ કોઈ પણ કિંમત ચૂકવવી પડે તો તે અંગે સમુચિત સજ્જતા અખત્યાર કરવી જ પડશે તેવો દૃઢ સંકલ્પ અને ઉક્ત હેતુસર અનંતનાથજી ટ્રસ્ટના ફંડ - સ્રોતો વિધિવત ઉપયોગમાં લઈ શકાય તેવી સાનૂકુલ પરિસ્થિતિ છે અને તેની અમલ બજવણી કરવા ટ્રસ્ટીઓ આ મકાનોના ભાડુતોના સહકારથી સકારાત્મકપણે સક્રિય બની શકે છે તેવી માનસિકતા વ્યાપક બનાવવામાં હજી મોડું થયું નથી.

અનંતનાથજી જિનાલય અને ટ્રસ્ટની મસ્જીદ બંદર, ભાંડુપ, કાંજુરમાર્ગ સહિતની મિલકતો વિષે સમગ્ર જ્ઞાતિને વિશ્વાસમાં લેવા અંગે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ સંપૂર્ણઃ પારદર્શક અભિગમ અપનાવીને મસ્જીદ બંદરની મિલકતોના પુનર્વિકાસને સર્વાધિક પ્રાધાન્યતા આપવી જ પડશે.

મુંબઈના જ્ઞાતિજનો અને સંસ્થાઓએ પણ અનંતનાથજી જિનાલયની વર્ષગાંઠને જ્ઞાતિ ઐક્યને તાદૃશ્ય કરતા વિશિષ્ટ મહોત્સવ સ્વરૂપે પરિવર્તિત કરવા સર્વાંગીપણે સહભાગી બનીને અનંતનાથજી જિનાલયના અનુબંધને નવે સરથી મજબુત બનાવી આપણા વડવા વડીલોની પૂણ્ય સ્મૃતિને વર્ષમાં એકવાર તો આદરાંજલિ આપવી જ પડશે.

- રા.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

**પ્રશ્ન - 'નિસીહિ' અને 'આવસ્સહિ' શબ્દ પ્રયોગ કોણે અને ક્યારે કરવાનો હોય છે.**

**ઉત્તર** - 'નિસીહિ' શબ્દ નિષેધ સૂચક શબ્દ છે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સહુએ જિનાલય અને ઉપાશ્રયમાં પ્રવેશતાં આ શબ્દોચ્ચાર કરવાનો છે. જિનાલય અને ઉપાશ્રય આરાધનાના પરમ પવિત્ર સ્થાન છે, એની પવિત્રતા - શુદ્ધિ ને ટકાવી રાખવા અને વધારવા આ સ્થાનોમાં પ્રવેશ કર્યા પછી આપણે સાવધાની જાળવવાની છે. એ માટે આ પવિત્ર સ્થાનોમાં સંસાર સંબંધી કે વ્યાપાર - કામધંધા સંબંધિ સર્વ કાર્યોનો મન-વચન-કાયાથી ત્રિવિધે-ત્રિવિધે ત્યાગ કરવાનો છે - એની જાગૃતિ કેળવવા ત્રણ વાર નિસીહિ... નિસીહિ બોલાય છે. જાગૃતિ પૂર્વક વિધિ સાચવવાથી ધીરે ધીરે પાપના સંસ્કાર તુટે છે. ફરી ફરી જિનાલયાદિ સામગ્રી પામવાનું પુણ્ય જીવ ઉપાર્જન કરે છે.

આવસ્સહિ શબ્દ પ્રયોગ પ્રાયઃ સાધુ-સાધ્વીજી ભગવંતો સાથે પૌષધધારી શ્રાવક કરી શકે છે. જીવનમાં આવશ્યક એવા કાર્ય માટે જ્યારે દેરાસર - ઉપાશ્રયાદિ સ્થાનોમાંથી બહાર નિકળવું પડે ત્યારે આ શબ્દોચ્ચાર આવશ્યક બને છે. સાધુ-સાધ્વીજી ભગવંતને ઉપાશ્રયમાંથી બહાર નિકળવાના કેવળ ચાર કારણ જણાવ્યા છે. આહાર, નિહાર, વિહાર અને વંદનાર્થે. સાધુ જ્યારે ઉપાશ્રયમાંથી બહાર નિકળે ત્યારે આ કાર્યો અવશ્ય કરવા યોગ્ય કાર્યો હોવાથી એ 'આવસ્સહિ' બોલીને ઉપાશ્રયશ્રી બહાર નિકળે છે. પૌષધધારી શ્રાવક શ્રાવિકા પણ આવશ્યક કાર્ય માટે ઉપાશ્રયથી બહાર નિકળતા આવસ્સહિ કહે છે... ફરી ધર્મસ્થાનમાં પ્રવેશતાં નિસીહિ બોલે છે.

**પ્રશ્ન - શ્રાવક-શ્રાવિકા દ્રવ્ય પૂજા ન કરે અને ફક્ત ભાવપૂજા કરે તો ચાલે ?**

**ઉત્તર** - શ્રાવક-શ્રાવિકા આરંભ-પરિગ્રહ યુક્ત જીવન જીવે છે. સંસારી જીવ સતત કોઈને કોઈ ચિંતાથી હેરાન હોય છે.


## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા અને શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા** અને **શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ** દ્વારા આયોજીત **૧૭૫ વર્ષ સહિરક પંચાન્હિકા મહોત્સવ** નિમિત્તે યાત્રિકો, ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહકુટુંબ નલીયા તીર્થે પધારવા વિનંતી.

પંચાન્હિકા મહોત્સવમાં સહભાગી થવા માટે સંઘ સ્વરૂપે મુંબઈથી નલીયા માટે પ્રસ્થાન તા. ૨૪-૧૨-૨૦૧૬ અને નલીયા થી મુંબઈ પાછા તા. ૩૦-૧૨-૨૦૧૬ના આવવાનો કાર્યક્રમ છે.

પધારનાર યાત્રિકોએ અમારા નીચે મુજબના કાર્યકર્તાઓને તા. ૨૦-૦૮-૨૦૧૬ સુધી ઓળખાણ પત્રની કોપી સાથે રૂા. ૧૦૦૦/- ડીપોઝીટ પરત મળવાની શરતે આપવાની રહેશે. ડીપોઝીટ નલીયા મધ્યે પાછી મળશે. યાત્રિક નલીયા નહીં પધારે તો ડીપોઝીટ પાછી નહીં આપવામાં આવે.

| | | |
|---|---|---|
| **ચેતન નાગડા - 098201 05078** | **પરેશ ખોના - 098209 40486** | **મનિષ છેડા - 098197 28821** |
| **અમીત ખોના - 093209 05504** | **અતુલ છેડા - 099203 09355** | **વંદના દંડ - 073031 15999** |

મુંબઈથી અથવા ભારતના કોઈપણ સ્થળથી યાત્રીક પોતાની રીતે નલીયા મહોત્સવમાં પધારશે તો આવવા અને જવાની સ્લીપર ક્લાસની ટીકીટની રકમ નલીયામાં આપવામાં આવશે.

લી. **ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા** અને **શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ નલીયા** વતી **ટ્રસ્ટીગણ**

આવા જીવો દ્રવ્યના આલંબન વિના સીધા ભાવ આરાધનાના સ્વામિ બની શકતા નથી. ચિત્તની સ્થિરતા અને એકાગ્રતા માટે એમને દ્રવ્ય આરાધનાનું આલંબન આવશ્યક જ નહિં પરતું અનિવાર્ય હોય છે. તેઓ દ્રવ્ય પુજામાં પ્રવર્તે જેથી મન શાંત-ચિંતા મુક્ત બને છે અને આગળ ભાવ પૂજામાં પ્રવેશવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. દ્રવ્ય પૂજા વિના ભાવ પૂજામાં પ્રવેશ અતિ કઠીન છે. અશુભ ક્રિયામાં બેઠેલો ગૃહસ્થ સીધે-સીધો શુદ્ધ ક્રિયામાં ન પ્રવેશી શકે એના માટે શુભ ક્રિયાનું આલંબન જરૂરી છે. તે દ્રવ્યપૂજાથી તેને પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી ગૃહસ્થ પોતાના માટે બધી સામગ્રીઓ વસાવે છે અને પોતાના ઉપયોગ અન ભોગ-ઉપભોગમાં લે છે. ત્યારે એમાંથી શ્રેષ્ઠ સામગ્રી પરમાત્માના ચરણે અર્પણ કરવી જોઈએ. પરમાત્માની પૂજા અર્ચનામાં એનો ઉપયોગ થવો જોઇએ. જ્યારે પોતાના જીવનમાં સર્વ સામ્રગીને ત્યાગ કરી સર્વવિરતિ સ્વીકારે ત્યારે દ્રવ્ય પૂજાનો સ્વયંમેવ ત્યાગ થઈ જાય છે.

**પ્રશ્ન – જ્ઞાન વગર ક્રિયા કરવાથી કોઈ ફાયદો થાય ખશે ?**

**ઉત્તર –** 'જ્ઞાન સહિત ક્રિયા હોવી જોઈએ' આ વાત સત્ય છે. પરંતુ ક્રિયા બે પ્રકારથી છે – (૧) જ્ઞાનથી (૨) શ્રદ્ધાથી.

બાળકમાં જ્ઞાનનો અભાવ હોય છતાં એ ખાવા-પીવાની ક્રિયા કરે છે તો શરીરનું પોષણ થાય છે.

દર્દીમાં દવાનું જ્ઞાન ન હોય છતાં દવા ખાવાથી એને બિમારીમાં રાહત મળે છે.

અગ્નિ બાળે છે એનું જ્ઞાન ન હોય એવી વ્યક્તિ જો અગ્નિનો સ્પર્શ કરે તો તે બળે છે.

ઝેર મારક છે એનું જ્ઞાન ન હોય એવી વ્યક્તિ જો ઝેરનું ભક્ષણ કરે તો એને મારે છે.

જ્યારે પોતાની પાસે જ્ઞાન ન હોય ત્યારે જે જ્ઞાની છે એની સહાયતા લઈને કાર્ય કરવું જોઇએ. જ્ઞાનીના જ્ઞાનની સહાયતાથી કાર્ય કરવું એટલેજ શ્રદ્ધાથી કાર્ય કરવું. જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી જ્ઞાની – સર્વજ્ઞ ઉપર શ્રદ્ધા રાખીને એમની બતાવેલી ક્રિયાઓ કરવાથી અવશ્ય લાભ થાય છે.

**સોહમ ચેનલ પર પ.પૂ. સાધ્વીશ્રી ડૉ. જયદર્શિતાજીના વ્યાખ્યાન**

પ.પૂ. સાધ્વીશ્રી ડૉ. જયદર્શિતાજીના હિંદી વ્યાખ્યાન તા. ૧લી ઓગસ્ટથી સોહમ ચેનલ પર સવારના ૯.૩૦થી પ્રસારિત થઈ રહ્યા છે. તાતા સ્કાય અને અન્ય કેબલ ચેનલપર સોહમ ચેનલ ઉપલબ્ધ છે.

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦-બી, કેશવજી નાયક રોડ, ચિંચબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૨૯૩૦૪

### ચૂંટણી અંગેની જાહેરાત

ઉપરોક્ત સંસ્થાની સંવત ૨૦૭૩થી ૨૦૭૫ સુધીના ત્રણ વર્ષ માટે સંસ્થાના બંધારણ અનુસાર ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી આસો-વદ ૧ રવિવાર, તા. ૧૬-૧૦-૨૦૧૬ના સવારે ૧૦ થી સાંજે ૫ સમય દરમ્યાન કરવામાં આવશે.

**-: ચૂંટણી અંગે કાર્યક્રમ :-**

**ઉમેદવારી પત્રક આપવાનો પ્રારંભ :**

**ભાદરવા સુદ-૪ સોમવાર તા. ૫-૯-૨૦૧૬**

**ઉમેદવારી પત્રક ભરીને પાછો આપવાનો છેલ્લો દિવસ :**

**ભાદરવા સુદ ૧૪ ગુરૂવાર, તા. ૧૫-૯-૨૦૧૬, સાંજે ૫ વાગ્યા સુધી**

**ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લો દિવસ :**

**ભાદરવા વદ ૩૦ શુક્રવાર તા. ૩૦-૯-૨૦૧૬, સાંજે ૫ વાગ્યા સુધી**

**તા.ક.:** સંસ્થાના બંધારણ અનુસાર થયેલ સામાન્ય સભ્યો સિવાય અન્ય કોઈ પણ પ્રકારના સભ્યો કે જેમના નામો સંસ્થાની મતદાર યાદીમાં તા. ૨-૯-૨૦૧૬ સુધી નોંધાયેલ હશે તેઓ જ ટ્રસ્ટી તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં ભાગ લઈ શકશે તથા મતદાન કરી શકશે. જે સભ્યોના સરનામા તથા ફોન નંબર બદલાયા હોય તેમણે સંસ્થામાં જાણ કરવા વિનંતી.

લિ. **પ્રમુખશ્રી**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ　　શ્રી મોટી ખાવડી તીર્થઃ　　શ્રી ચંદ્રપ્રભ સ્વામિય નમઃ

# જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી

મુ. પો. મોટી ખાવડી, જી. જામનગર, ગુજરાત – ૩૬૧૧૪૦.

સહર્ષ, સાથે જણાવવાનું કે શ્રાવણ સુદ છઠ ના રોજ શ્રી ચંદ્રપ્રભ સ્વામિ જિનાલાય ની ૧૧૦ મી વર્ષગાઠ નિમિતે ધ્વજારોહણ નો દ્વિતીય મહોત્સવ અંદાજે ૧૨૫ જેટલા ગામ વાસીઓ ની હાજરી મા હર્ષોઉલ્હાસ સાથે સંપન્ન થયેલ, શ્રાવણ સુદ પાંચમ ના રોજ અઢાર અભિષેક નું આયોજન કરવામાં આવેલ તેમજ નવકારશી , સ્વામિવાત્સલ્ય અને ચૌઉહિયાર ની વ્યવસ્થા કરવામાં આવેલ આ દિવસ નો સંપૂર્ણ **લાભ** **શા.માલસી દેવરાજ લોડાયા પરિવારે** લીધેલ અને ધ્વજાનો **ચડાવો** **કુ.કેવલ ત્રિભુવન લોડાયા (હ. ગીતાબેન ત્રિભુવન હેમરાજ લોડાયા પરિવારે)** શ્રાવણ સુદ છઠ ના રોજ નવકારશી તેમજ સ્વામિવાત્સલ્ય શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ આજ રોજ આગામી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલાય ની ૧૪૦ મી વર્ષ ગાઠ જેઠ સુદ દસમ ની ધ્વજાનો ચડાવો **માતૃશ્રી. ગોમાબેન હેમરાજ દેવરાજ લોડાયા પરિવાર ( હ. આશાબેન રમેશ હેમરાજ લોડાયા )** એ લીધેલ સાથે એ દિવસ ના સ્વામિવાત્સલ્ય નો લાભ પણ લીધેલ છે. શ્રી ટ્રસ્ટ બોર્ડ સર્વે દાતાશ્રી ઓ ની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

સાથે સાથે સર્વે ગામ વાસીઓને જાણ થાય કે આ વર્ષે આપણે મોટી ખાવડી મધ્યે પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન નવ દિવસ નવકારશી , સ્વામિવાત્સલ્ય અને ચૌઉહિયાર ની વ્યવસ્થા રાખેલ છે, તો આપ સર્વે માદરે વતન પધારી લાભ આપશોજી, અગાવ થીજ તપસ્વી રત્નો ને **"સુખ સાતા"**, શ્રી ચંદ્રપ્રભ દાદા અને પાર્શ્વ પ્રભુ આપ સર્વે ની સાતા સારી રાખે એજ અભ્યર્થના. આપની લક્ષ્મી ને મહાલક્ષ્મી બનાવવા અને પુણ્ય નું ભાથું બાંધવા ઉપરોક્ત કાર્ય મા સ્વેચ્છા શ્રી ટ્રસ્ટીઓ પાસે ફાળો લખાવશોજી.

સવંત ૨૦૭૨ થી ૨૦૭૩ ભાદરવા થી ભાદરવા સુધી ના અષ્ટપ્રકારી પૂજાના એક વર્ષ માટે ના નકરા નીચે મુજબ રાખેલ છે, વહેલા તે પહેલા ના ધોરણે તા. ૨૭/ ૦૮/ ૨૦૧૬ સુધી નામ ટ્રસ્ટીશ્રી ઓ પાસે નોંધાવવા વિનંતી, ત્યાર બાદ જો જગ્યા હશે તોજ નામ લેવામા આવશે.

*પક્ષાલ પૂજા (માસિક નકરો) - રૂ.૧૫૦૦/- , *અંગ લૂછણા પાટ લૂછણા (માસિક નકરો) - રૂ.૫૦૦/-, *કેસર સુખડ પૂજા (માસિક નકરો) - રૂ.૩૧૦૦/-, *ધૂપ પૂજા (માસિક નકરો) - રૂ.૧૧૦૦/- અને દિપક પૂજા (માસિક નકરો) - રૂ.૨૧૦૦/- રાખેલ છે .

લિ.
**જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી**
પ્રમુખ અને ટ્રસ્ટીગણ.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ | શ્રી મોટી ખાવડી તીર્થઃ | શ્રી ચંદ્રપ્રભ સ્વામિય નમઃ

# જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી

## મુ. પો. મોટી ખાવડી, જી. જામનગર, ગુજરાત – ૩૬૧૧૪૦.

**ઑડિટેડ આવક - જાવક વર્ષ ૨૦૧૫-૨૦૧૬**

| જાવક | રૂપિયા | આવક | રૂપિયા |
|---|---|---|---|
| પગાર ખાતે | ૨૮,૮૦૦.00 | બેંક વ્યાજ | ૭૯,૯૮૫.00 |
| બેંક ચાર્જ | ૭,૩૦૩.00 | ભંડાર ઉપજ | ૩૨,૦૩૧.00 |
| સાધુ સાધ્વી વયાવચ્ચ | ૪,૬૯૦.00 | ચાલુ સાધારણ | ૬,૪૮,૩૩૬.00 |
| લાઈટ બિલ ખાતે | ૧,૫૪૦.00 | | |
| પરચૂર્ણ ખર્ચ | ૨,૧૯૦.00 | | |
| જાહેરાત ખાતે | ૨૧,૦૦૦.00 | | |
| કુરિયર ખર્ચ | ૯૭૦.00 | | |
| ચેરિટી ની લેટ ફી | ૨૧,૮૦૫.00 | | |
| પ્રિન્ટિંગ / સ્ટેશનરી | ૭૦૦.00 | | |
| ક્ષેરોક્ષ ખર્ચ | ૧,૫૩૧.00 | | |
| | | | |
| **આવક નો ખર્ચ પર વધારો** | ૬,૬૯,૮૨૩.00 | | |
| કુલ | ૭,૬૦,૩૫૨.00 | કુલ | ૭,૬૦,૩૫૨.00 |

**ઑડિટેડ સરવૈયું વર્ષ ૨૦૧૫-૨૦૧૬**

| જવાબદારિઓ | રૂપિયા | રૂપિયા | મિલકત | રૂપિયા | રૂપિયા |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતુ** | | ૬૯,૮૩,૩૨૪.૮૬ | **સ્થાયી મિલકત** | | ૬૫,૬૭,૮૪૯.૪૦ |
| કોર્પસ ફંડ | ૬૪,૯૯,૪૧૯.૪૦ | | દેરાસર | ૩૨,૮૩,૩૬૬.00 | |
| કાયમી સાધારણ ફંડ | ૪,૮૩,૯૦૫.૪૬ | | સમવસરણ | ૮,૪૦,૪૨૦.૪૦ | |
| | | | ગુરુ ઉપાશ્રય | ૫,૯૮,૫૨૭.00 | |
| **ભરપાઈ** | | ૧૪,૦૩,૧૦૦.૫૧ | મુખ્ય દ્વાર | ૧૫,૩૭,૩૭૪.00 | |
| ચાલુ સાધારણc/f | ૬,૬૯,૮૨૩.00 | | ઓફિસ | ૨,૨૧,૮૮૨.00 | |
| દેરાસર ખાતુ | ૬,૨૪,૭૨૩.૧૧ | | પંચધાતુ પ્રતિમા | ૩,૧૦૦.00 | |
| જીવ દયા ખાતુ | ૧,૦૮,૫૫૪.૪૦ | | પંચધાતુ સિધ્ધચક્ર | ૬૫૦.00 | |
| | | | ગ્રીન પટો | ૧૪,૧૦૦.00 | |
| | | | ચાંદીનો વીંઝણો | ૨૨,૭૬૯.00 | |
| | | | સી સી ટીવી કેમેરા | ૪૫,૬૬૧.00 | |
| | | | | | |
| | | | **ચાલુ મિલકત** | | |
| | | | થાપણો (IDBI) | | ૭,૮૭,૧૧૧.00 |
| | | | બાકી લેણાં | | ૧,૪૮,૭૪૫.00 |
| | | | TDS | | ૫,૭૪૬.00 |
| | | | પુરાંત | | ૨,૮૮૬.૮૮ |
| | | | બેંક | | ૮,૭૪,૦૮૭.૦૯ |
| | | | Dena Bank | ૨૩,૯૨૦.૩૯ | |
| | | | IDBI Bank | ૮,૪૭,૧૯૫.00 | |
| | | | PNB | ૨,૯૭૧.૭૦ | |
| કુલ | | ૮૩,૮૬,૪૨૫.૩૭ | કુલ | | ૮૩,૮૬,૪૨૫.૩૭ |

**ઓડિટર.મે. દોશી મારૂ એન્ડ અસોસિએટ્સ ( જામનગર ).**

**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ.**

સર્વે એકાઉન્ટ્સ બૂક્સ અને અન્ય ડોક્યુમેન્ટ્સ મુખ્ય કાર્યાલયે છે, કોઈએ પણ જોવા હોય તો પ્રમુખશ્રી ને સંપર્ક કરી એમની હાજરી મા જોઈ લેવા, ઓફિસ માંથી કોઈ પણ પ્રકાર ની નકલ આપવામાં આવશે નહિ.

લિ.**જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી**

પ્રમુખ અને ટ્રસ્ટીગણ.

# વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

સહસ્ત્રગુણા ગાંધીમાંથી નીકળેલ વિષાપહાર ગોત્રમાંથી હરિઆ, કકકા, સાંઈઆ, ગૃથલિયા, મરુથલિયા, મારૂ, ડાગા, જેવી શાખાઓ નીકળી છે. સાંઈઆ ગોત્ર આપણી જ્ઞાતિમાં એક માત્ર સુજાપર ગામમાં છે જેની સંખ્યા પ્રથમ વસતિ પત્રક સવંત ૧૯૮૧(ઇ.સ. ૧૯૨૫)માં સંખ્યા ૩૨ હતી. આ ગોત્ર હજુ આપણી જ્ઞાતિમાં વિદ્યમાન છે. આ ગોત્રની વહી જોવા મળી નથી પરંતુ મુરબ્બી શ્રી 'પાર્શ્વ'ની નોંધ જે વહી આધારિત છે તે નોંધ અને અન્ય પુરક માહિતી મારી પાસે હતી તેના આધારે આ લેખ લખેલ છે.

આ ગોત્રની શરૂઆતની વંશાવલી પ્રમાણે રાઉ દધિચંદ્ર તાતોલા પરમાર લાખણ ભાલાણી ગ્રામે જાલોર (મારવાડ) પરગણામાં વસતા હતા. રાઉદધિચંદ્ર - મણીચંદ્ર - રણમલ - હરિયો - ગુણો - નરીઓ - આસા - વકીઓ - જસીઓ - હરગણ - હરિઓ (બીજો) - કોહા - આસધર - સોમીંગ - માણિક - ખેતલ. ૧૬મી પેઢીએ થયેલ ખેતલ હાલારમાં મેમાણા - પડાણે વસ્યો. ખેતલ પુ. ડાહીઓ, પુ. ડેરૂ, પુ. લાલુ, પુ. ધારો, પુ. રણમલ. આ રણમલ લધુ સર્જ્ઞનીય થયો. હાલારમાંથી આવીને કચ્છ આરીખાણે વસ્યો. લાલુનો અન્ય પુત્ર જાદવ અને તેનો પુત્ર કાંથડ પણ દશો થયો. આરીખાણે વસ્યો. સાંઈઆ અટક આ વંશમાં થયેલ પુરુષના નામ પરથી પડી છે એક નોંધ મુજબ ''સાંઈઆ સા. ડુંગરે સવંત ૧૭૧૯(ઇ.સ. ૧૬૬૩)માં નલીઆમાં ઘરદીઠ બે શેર ઘૃતની લહાણી કરી, નલીયે, રા'શાહી મુદ્રા ૩૦૦ બેઠી. અચલગચ્છના ગુરુશ્રી હરજી બુધ્ધિસાગરને મડ વહોરાવી.'' જે વિક્રમની ૧૮મી સદીના પુર્વાર્ધમાં દશા ઓસવાળમાં સાંઈઆ ગોત્ર અસ્તિત્વમાં હતું તેને પુષ્ઠી આપે છે.

મંજલ રેલડિયાના સાંઈઆ ગોત્રીય શા. ઠાકરસી ગોવદાણીના દાદા વિ. સવંત ૧૮૦૦(ઈ.સ. ૧૭૪૪)માં આપણી જ્ઞાતિમાં ભળ્યા દશા થયા. ઠાકરસીના સુપુત્રી પુરબાઈનાં લગ્ન જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાના સુપુત્ર હીરજી સાથે થયા. આ પુરબાઈમાએ શેઠશ્રી પાછળ અનેક ધાર્મિક કાર્યો કર્યા. સાંઈઆ ગોત્રની પાંખડીઓ નીચે મુજબ છે.

સુજાપુર (૧) વત્સલ, મનિષ, કિશોર, જીવરાજ, નેણસી, વસાયા, વેરસી

સુજાપુર (૨) દિલિપ, કાંતિલાલ, રતનશી, શામજી, હીરજી, કરમસી

સુજાપુર (૩) ધ્રુવ, નિર્મલ, ગોવિંદજી, વસનજી, ભવાનજી, વધમાન, ગોવિંદજી, ઠાકરસી

સુજાપુર (૪) રાયચંદ, લખમશી, ખેતસી, ખીમણાંધ

આ પાંખડીઓ અપુરતી માહિતીને કારણે મૂળ વંશાવલીમાં જોડી શકાઈ નથી.

હરિયા ગોત્રની અન્ય શાખા કક્કા જે આપણી જ્ઞાતિમાં કાંકન તરીકે ઓળખાય છે. શ્રી પાર્શ્વ વહીમાંથી નોંધે છે કે હરીઆ પુ. આસા ૧ પેથા ૨ ભા. પોમી પુ. કક્કા ભા. કમઈ પુ. ખેતલ ભા. ખેતાદે પુ. સાંઈઓ ૧ મુબાલર અબડાથી વાગડે આવ્યા. કદાચ આ બે પુરુષો કકા અને સાંઈઆ પરથી નવી ઓળખ કક્કા અને સાંઈઆ થઈ હશે કાંકન ગોત્રની સંખ્યા પ્રથમ વસતિ પત્રકમાં વસંત ૧૯૮૧(ઇ.સ. ૧૯૨૫)માં ૧૨ હતી અને વસસાટ સાંધાણમાં હતો. કાંકન ગોત્રની પાંખડીઓ નીચે મુજબ છે.

સાંધાણ : (૧) મિતેષ, પ્રવિણ, ટોકરસી, જીવરાજ, આણંદ, પાસુ, કાંકન

સાંધાણ : (૨) જીતેન્દ્ર ચત્રભુજ મેગજી સામત માડણ અરજાણ

અન્ય નોંધ મુજબ ''માદણ દેશ જેમાડે, સાંધઉ, કાંકન.

આટુંકી નોંધ પરથી કાંકન પરિવાર સાંધવમાં પણ હતો અને દેશતોડો કરેલ તે જાણી શકાય છે.

કક્કાની વંશાવલી નીચે મુજબ છે.

કક્કા પુ. નાયક, પુ. જેઠાણંદ, પુ. વીરમ, પુ. મુરો, પુ. માણક, પુ. નવઘણ, પુ. ગાંગો, પુ. ડુંગર

સંપૂર્ણ માહિતીના અભાવે આપણી જ્ઞાતિના કક્કા

શ્રી સચ્ચા માતાજી નમો નમઃ

કોઠારા ગામે દેરાસરની પાછળ શામજી પાસુભાઈના ડેલામાં બીરાજમાન લોડાયા પરિવારના સચ્ચા માતાજીને નમતા ભાવિકોને જય માતાજી સાથે નમ્ર નિવદેન કે સચ્ચા માતાજીની જગ્યા જર્જરીત થવાથી તેમજ માતાજીની ફરઈમાં સરો લાગવાથી, માતાજીની નવી ફરઈયું બનાવી તેમજ માતાજીનું નવનિર્મિત મંદિર બનાવવા ચર્ચા વિચારણા માટે નીચે મુજબના ભાવિકોનો સંપર્ક કરવો.

**લોડાયા પરિવાર વતી** **જય માતાજી** | **તિલક રાયચંદ લોડાયા** (ખેતરપાળના ભૂવાશ્રી) | **લહેરચંદ હીરજી લોડાયા** **(093225 10054)** | **સુશીલા તિલક લોડાયા** **(096197 05236 / 098218 86710)**

(કાંકન) પરિવારોને જોડી શકાયા નથી.

સાંધણગામે આવેલી સતીમાની છતરડીના લેખ મુજબ ''ગોત્ર કાંકન ઓડક ભીધના વંશની. રેવાસી ગામથી સાંધાણના. તેની માતાઉ બાઈ વેલાબાઈ તે સં. ૧૮૧૭ (ઈ.સ.૧૭૬૧)માં દીકરાવાસે સતી થયા તથા બાઈ લાખબાઈ સં. ૧૮૪૨(ઈ.સ.૧૭૮૫)માં પતિ વસ્તા પાછળ સતી થયા.

મુંબઈ મહાજનનાં જુના રિપોર્ટ જે પ્રથમ વસતિ પત્રકથી ૨૦-૨૫ વરસ અગાઉના છે જેમાં કાંકન નુખને બદલે ભીધ નુખ બતાવેલ છે. શ્રી પાર્શ્વના મતે ભીધ - ભેદા એક છે પરંતુ આ બન્નેની ઉપરની વંશાવલી કયાંય મળતી હોય તેવું જણાતું નથી તેમજ ભીધ નૂખના પરિવારો સાંધણમાં હતા જ્યારે ભેદા નૂખના વારાપધરમાં છે. આ એક સંશોધનનો વિષય છે.

હરિઆની દીકરી દેઢિયા કુળમાં પરણેલી નામ મામલ નાની વયે વિધવા થયેલી ધર્મમય જીવન ગુજારતી અને આઠમ, પાંખી, પોસો ઉપવાસ અને સામાયિકમાં જીવન વ્યસ્ત કરતી. એક વખત તેના ઘરમાં આગ લાગી. ઘરના લોકોએ બૂમ પાડીને કાઉસગ પારી બહાર આવી જવા ચેતવી પરંતુ તેણે કાઉસગ્ગ પારીયું નહિ. બળી મૂઈ અને વ્યંતરા થઈ એક વખત પ્રત્યક્ષ થઈ કહ્યું. 'સાસરિયા તથા પિયરીયા મને ગોત્રજા થાપો તો તમારો ઉદય થશે. ત્યારથી હરિયા તથા દેઢીઆ પરિવારની ગોત્રજા મામલદેવી થઈ. અગાઉ તેઓ સચ્ચાય માતાને માનતા હતા. કાંકન, સાંયા પરિવારોની સંખ્યા ઓછી છે તેથી તેઓ દશા ઓસવાલોમાં પાછળથી ભળ્યા.

### ''ધમાલના કમાલ ખેલૈયા'' નો યુ-ટ્યુબ વિડીઓ



'પ્રકાશ-સમીક્ષા'નાં અંક નં. ૨૦માં શ્રી લક્ષ્મીચંદ ભારમલ નાગડાની જન્મ શતાબ્દીની સ્મરણાંજલીના દાંડીયા - ''ધમાલના કમાલ ખેલૈયા'' ના લેખમાં યુ-ટ્યુબ પર ધમાલ રાસનો વિડીઓ ઉપલબ્ધ છે તેમ જણાવેલ તેના સંદર્ભમાં અનેક પૃચ્છાઓ આવી છે તે અંગે જણાવવાનું કે યુ ટ્યુબ પર ફોલ્ડર રાપર ગઢવારી (RAPAR GADHWARI) માં પહેલા જ ક્રમે KING OF DANDIAS આ ફાઈલ પર તે જોઈ શકાશે.

### અભિનંદન પ્રકાશ-સમીક્ષા

વિવિધ ક્ષેત્રમાં જ્ઞાતિ બંધુઓએ હાંસલ કરેલ સિધ્ધિઓ, પ્રદાન કરેલ સેવાઓ તથા વિશિષ્ટ કાર્યવાહીથી જ્ઞાતિજનોને માહિતીગાર કરવા સાથે પ્રેરકબળ પૂરવાના પ્રકાશ-સમીક્ષાના પ્રયત્નો તથા હેતુની ખૂબ ખૂબ અનુમોદના તથા તંત્રીશ્રી ને અભિનંદન.

પ્ર. સ. અંક ૨૯, તા. ૧૮ જુલાઈ-૨૪ જુલાઈ, ૨૦૧૬ માં શ્રી લક્ષ્મીચંદ ભારમલ નાગડા ને તેમની કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રની વિશિષ્ટ સેવાઓ, સિધ્ધિઓ અને હાંસલ કરેલ ઊંચાઈઓની નોંધ લઈ તેમની જન્મ શતાબ્દિ પ્રસંગે સ્મરણાંજલી અર્પણ કરવા બદલ ધન્યવાદ અને સરાહના.

શ્રી લક્ષ્મીચંદભાઈ અને શ્રી ચાંપશીભાઈ નાગડા બંધુ બેલડીઓને યાદ કરો તો બીજા ભાઈ આપમેળેજ તેમાં સામેલ હોય, બંધુ પ્રેમનું ઉત્કૃષ્ટ


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ
Iris Banquette
Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION
• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કોન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ - સેમિનાર
બધા શુભપ્રસંગો માટે આદર્શ
Contact: Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road, Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.
આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો



# ૮મી પુણ્યતિથીએ વ્હાલી માવડીને ભાવભીની શબ્દાંજલી

| જન્મ | દેવશરણ |
|---|---|
| તા. ૧૧.૧૧.૪૩ | તા. ૧૨.૮.૦૮ |

## અ.સૌ. તારાબેન નવીનચંદ્ર છેડા.

(ગામ : વારાપધર) (હાલ : ભાંડુપ)

રોજ મારો જન્મ એની આંખમાં ઉજવાય છે,
માને માટે દીકરો, મોટો કદી ક્યાં થાય છે.

કોણ જાણે કેવી માટીનો બનેલો દેહ છે,
દર્દ આપ્યા કેટલાયે, તોય મા હરખાય છે.

એક મારી ઊંઘ ખાતર રાતને ગણતી દિવસ,
કોણ જાણે તોય એનો થાક ક્યાં ઠલવાય છે.

વાત વાતે હું કસમ ખાતો રહ્યો માની બધે,
ક્યાય સાંભળ્યું, કસમ, મા દીકરાની ખાય છે ?

આજ માની છે હયાતી ઈશ તારા ધામમાં,
ત્યાં તને ઝળહળ થશે, તુલસી અહીં સૂકાય છે.

આજ પણ જો કોઈ ઠોકર વાગશે નાની મને,
કાનમાં ખમ્મા ઘણીનો શબ્દ પણ અફળાય છે.

સૂર્યને પાલવથી ઢાંકી ચાંદ સમ શીતળ કરે,
તું કહી દે આ જગતમાં માનો કયો પર્યાય છે ?

આપને હરઘડી હરપળ યાદ કરનારા

**પુત્રવધુ - પુત્ર : સ્વ. સૌ. વર્ષા જયેશ છેડા,**
**સૌ. દેવિકા વિજય છેડા.**
**પૌત્ર - પૌત્રી : જય, ચાર્વિ.**

દ્રષ્ટાંત છે.

વર્ષો અગાઉ ગુજરાતી સાંસ્કૃતિક અને નાટ્ય આદિ પ્રવૃત્તિઓના વિકાસ અંગે પ્રોત્સાહન અર્થે (INT) ઈન્ડીયન નેશનલ થીયેટર) સંસ્થાની સ્થાપના કરવામાં શ્રી દામુ જવેરી તથા અન્ય અગ્રેસરો સાથે કરવામાં શ્રી ચાંપશીભાઈ પ્રેરક તથા સક્રીય સંચાલક હતા. INT દ્વારા દર વર્ષે 'રંગભવન' ધોબી તળાવમાં રાસ ગરબા હરીફાઈ યોજાતી. ૭-૮ દિવસનો કાર્યક્રમ રહેતો. વિવિધ કોમ, મંડળો, સંસ્થાઓ ભાગ લેતી. વિજેતાને જે ટ્રોફી અપાતી તેની ઉપર શ્રી લક્ષ્મીચંદભાઈ અને શ્રી ચાંપશીભાઈની ધમાલ રાસનો બિબો (Logo) હતો!

અદ્યતન નાટ્ય રંગભુમિ ની સ્થાપના અને વિકાસમાં શ્રી ચાંપશીભાઈનો સિંહ ફાળો હતો. તેઓ ઉચ્ચ કક્ષાના અભિનેતા તો હતાજ પણ સફળ નિર્માતા પણ હતા. ગુજરાતી ફીલ્મોના નિર્માણમાં પ્રારંભિક હતા. ટાંચા સાધનો, પ્રતિકુળ સંજોગો તથા કોઈ પણ પ્રકારની સરકારી સહાયતા અને પ્રોત્સાહન વિનાના એ સમયમાં ગુજરાતી ફીલ્મનું સફળ નિર્માણ કરવું અતિ કઠીન અને દુષ્કર હતું. પ્રબળ ઈચ્છા શક્તિ, ધ્યેય નિષ્ઠા, લગન, દઢ મનોબળ થકી શ્રી ચાંપશીભાઈએ સફળતા હાંસલ કરી. કચ્છી-ગુજરાતી કલા, સાંસ્કૃતિક, નાટ્ય ચલચિત્ર ક્ષેત્રની વર્તમાન ઊંચાઈ, પ્રગતિ, સફળતા તથા લોકપ્રિયતાના પાયામાં વિનમ્ર, અતિ મૃદુભાષી, સરળ, સંસ્કારી બંધુ બેલડી શ્રી લક્ષ્મીચંદભાઈ અને શ્રી ચાંપશીભાઈ નાગડાનું વિશેષ નોંધનીય યોગદાન છે. બંને ભાઈઓને સો સો સલામ !

- **મહેન્દ્ર દેવજી ખોના,** થાણા

## દાંડીયા કિંગ - બંધુ બેલડીની ધમાલ




ધમાલ દાંડીયા રાસને બૃહદ સ્તરે માન મેળવવા યશસ્વી થયેલા શ્રી લક્ષ્મીચંદ ભારમલ નાગડા અને શ્રી ચાંપશાભાઈ નાગડાના ઉચિત ઉલ્લેખથી સ્વભાવિક પણે કોઠારાની બંધુ બેલડી સ્વ. શ્રી કુંવરજી નરશી પટેલ (લોડાયા) અને શ્રી મુરજી નરશી લોડાયાની સંયુક્ત ધમાલ યાદ આવ્યા વિના રહી નહીં.

લગ્નપ્રસંગે ગીત રાસના અંત પહેલાં ધમાલ દાંડીયા રાસ બન્ને ભાઈઓ તાજગી અને સ્ફર્તિથી શરૂ કરતા અને ધીમા તાલે શરૂ થયેલી ધમાલ દાંડીયા રાસે ઢોલના ધીમા તાલે શરણાઈના સૂર સાથે વેગ પકડતી. વિવિધ મુદ્રાઓથી યુક્ત રમત સહેજે પોણી કલાક ખેંચી જતી. પરંતુ, સમય ક્યાં પસાર થઈ જતો તે જોનારાઓને ખબર ન પડતી, એની મજા પડતી.

- **કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

## ક.દ.ઓ. જ્ઞાતિમાં બંધુ બેલડીઓની બોલબાલા

બંધુ બેલડી શ્રી લક્ષ્મીચંદ ભારમલ નાગડા અને શ્રી ચાંપશી નાગડાની પ્રશંસનીય કામગીરીનો સવિસ્તર લેખ વાંચતી વેળા જ્ઞાતિની અન્ય બંધુ બેલડીઓ જેમણે જ્ઞાતિ સમાજ સેવા ક્ષેત્રે ઉલ્લેખનીય યોગદાન આપ્યું છે તેમને ફરી એક વાર યાદ કરી કામની પ્રશંસા કરીએ.

(૧) જખૌ - અ) સ્વ. શ્રી દેવજી દામજી ખોના, સ્વ. શ્રી પુનશી દામજી ખોના બ) સ્વ. શ્રી પ્રવિણ દેવજી ખોના, શ્રી મહેન્દ્ર દેવજી ખોના

(૨) તેરા - લાખણીયા - ૩) સ્વ. શ્રી કુંવરજી ધારશી મોતા, શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા

(૩) કોઠારા - ૪) સ્વ. શ્રી કુંવરજી નરશી લોડાયા, શ્રી મુરજી નરશી લોડાયા

(૪) સુથરી - ૫) સ્વ. શ્રી ચંદુલાલ કુંવરજી ધરમશી, સ્વ. શ્રી મુકેશ કુંવરજી ધરમશી

(૫) લાલા - શ્રી હંસકુમાર દામજી મૈશેરી, શ્રી મુકેશ દામજી મૈશેરી

(૬) મોટી સિંધોડી - ૭) સ્વ. શ્રી સનત્ શાહ, સ્વ. શ્રી લાલજી નરપાર લોડાયા

૮) સ્વ. શ્રી વાલજીબાપા ઉર્ફે રતનશી આણંદજી મૈશેરી, સ્વ. શ્રી માલશી આણંદજી મૈશેરી

૯) શ્રી ભરત ભવાનજી લોડાયા, શ્રી મુકેશ ભવાનજી લોડાયા

૧૦) શ્રી દામજી રતનશી મૈશેરી, શ્રી દિનેશ રતનશી મૈશેરી

૧૧) શ્રી કાંતિલાલ કેશવજી મોતા, મુલચંદ કેશવજી મોતા, મુકેશ ભવાનજી લોડાયા

**- કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

## સ્વાતંત્ર્ય દિન નિમિત્તે રાષ્ટ્રવંદના

### ઈ પાવન ભૂમિ ભારતજી....

અવતરેં સર્જન હારો યુગેં નિત્ત,
ઈ પાવન ભૂમિ ભારતજી...
ધોડી અચેં પ્યા દેવદેવી હિત્ત, ઈ....
મહાપુરૂષને મહાત્માયેંજી જનેતા, ઈ....
મહાશક્તિઉંને વીરાંગનાએંજી માતા, ઈ....
સંસ્કૃતિજા યશોગાન વજેંપ્યા જિત્ત, ઈ....
સંસ્કારેંજા મંગલપાન રેડાંજે પ્યા હિત્ત, ઈ....
સર્વધર્મજી શહેનાઈ વજે જગેં જગેં, ઈ....
ભારતમાતા હિક્કડા-હિક્કડે કે મિઠ્ઠી લગે, ઈ....
જગજો ઉંચો પહાડ માજો મુગટ સોહાય, ઈ....
સાગર નિત્ત માંજા પખાડે પાય, ઈ....
નદીયેંજા નિર્મળ નીર કંયે પવિત્ર, ઈ....
સોના મોલજા ધન ધાન્ય ઘડીયેં ચરિત્ર, ઈ....
કવિબાલ રશ્મિન્જો હિત્તો જનમ, ઈ....
માઁ તોજે કણકણકે, મુંજે અણું અણુંજા વંદન, ઈ...

- રશ્મિન ખોના

## જાહેરાતો, જાહેરખબરો અંગે અગત્યની સૂચના

જાહેરાતો અને જાહેરખબરોની મેટર બુધવાર સુધી મોકલવી. પોતાના જ સ્ત્રોત દ્વારા તૈયાર કરાયેલ મેટર ગુરૂવાર સુધી મોકલી શકાશે.

કલર કે બ્લેક એન્ડ વ્હાઈટ પાના પર લેવાની જાહેરાત ઈત્યાદિની મેટરો અંગે ચોક્કસ પાનું કે પાનાં બાબતે અગોતરું બુકીંગ થવું નથી તેમજ કયા ચોક્કસ પાના પર તે પ્રગટ થશે તેની નિશ્ચિત ખાતરી આપી શકાય તેમ નથી. જાહેરાત કર્તા ફક્ત પસંદગી દર્શાવી શકે છે. પરંતુ આગ્રહ રાખી શકશે નહીં. જાહેરાતની મેટર કયા પાને ગોઠવવી તે બાબતે તંત્રીએ લીધેલ નિર્ણય આખરી ગણાશે.

સમાચારો, જોહેરાતો ઈત્યાદિની મેટરો અમને ઈ મેઈલ, કુરિયર, ટપાલ, રૂબરૂ દ્વારા દરરોજ સતત મળતી રહેતી હોય છે, તેમજ જ્ઞાતિમાં અચાનક કોઈ અગત્યનો કાર્યક્રમ, સભા, પ્રસંગ હોતાં કે બનાવ બનતાં તેની અથવા તો અન્ય મહત્વની જાહેરાત આપવાનું અનિવાર્ય થવાથી અથવા તો કોઈ ટેક્નીકલ ખામી - અડચણ જેવા કે કુદરત નિર્મિત અન્ય અણધાર્યા સંજોગો - પરિસ્થિતિને કારણે તૈયાર થઈ રહેલા અંકને આખરી સ્વરૂપ આપનવાના હેતુસર પાનાની સંખ્યા કે ક્રમાંક ગોઠવણી બાબતે તંત્રીએ છેવટનો નિર્ણય લેવાનો હોય છે તેથી જાહેરાતકર્તાએ પસંદગી દર્શાવેલ પાના ક્રમાંક કે સ્થાનમાં ફેરફાર કરવા અથવા તો જાહેરાત સમૂલગી મુલતવી રાખવા બાબતે તંત્રીએ લીધેલ નિર્ણય સર્વ સંબંધિતોને માન્ય રહેશે.

તેવી જ રીતે જાહેરાતમાં કોઈ બદનામીજનક, અરૂચિકર, અશિષ્ટ શબ્દ - વાક્ય - ભાષાનો ઉપયોગ થયો હશે તો તે જાહેરાત લેવાશે નહીં અથવા તેની મેટરમાં જાહેરાતકર્તાને જણાવ્યા-પૂછ્યા વિના ફેરફાર કરવા બાબતે તંત્રીએ લીધેલ નિર્ણય પણ સર્વ સંબંધિતાને બંધનકર્તા રહેશે.

આ રીતે પાના ક્રમાંક-સ્થાનમાં, અંકમાં કે મેટરમાં ફેરફાર થયેલ જાહેરાતના ચાર્જીસ પૂરેપૂરા ચૂકવવા પાત્ર રહેશે.

બધી જાહેરાતો, લેખો, સમાચાર તેમજ સંપૂર્ણ અંકનું માળખું કઈ રીતે પ્રયોજવું તેનો આખરી અને અંતિમ નિર્ણય ફક્ત તંત્રી દ્વારા જ લેવામાં આવે છે. આ બાબતે સહતંત્રી કે અન્ય કોઈ વ્યક્તિ નિર્ણય લઈ શકતા નથી તેની નોંધ લેવા વિનંતી છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# Heemanshu D. Nagda

182 / A – 4 , 18th Floor , Amaltas Garden Enclave CHSL ,
Pirojshanagar , Opp. Godrej Memorial Hospital ,
Vikhroli East , Mumbai 400079 .
Cell 098206 96961 , E Mail - pmc@eepsilon.com


Dated : 28th July 2016 .

Ref. No. : HOPE / 001 / 2016 .

The Members of the Managing Committee
*Kutch Development Organization - HOPE 1000*
*Calcuttawala Building , First Floor , 137 – 141 Samuel Street ,*
*Masjid Bunder , Mumbai 400009 .*

**Subject : Your Request for Concurrence to Sharing 30 % for E.W.S. Housing Etc.**

**Reference : E Mail Received on 27.07.2016 , From Mailbox of Mr. Tilakchand Lodaya**

Gentlemen ,

Year 1994 . About ten of the most able , experienced & respected stalwarts of the Kutchi Dasa Oswal Community . Year 2016 . Twenty two long years & they end up creating the most disputed asset of the KDO community gnyatijan . How else to describe ? I am personally of the opinion that as a " Team " , your committee should only work towards publicly auctioning off the plot & distribute the proceeds on pro-rata basis to the plot investors .

We trusted you for so long , now you trust us & our judgement . For reasons best known to the managing committee , you are not even ready to meet the plot holders face to face , for past over eight years , what more should we say or write ? Your resignations shall be the only most respected decision , for times to come . The sooner you gentlemen do it , the better for our investments . Leave the social cause & social performance of our money to ourselves , we can surely do it better . Also do kindly note that ,

1. Earmarking 30 % of the cream portion of an already ill plagued plot having extremely unusable shape , a trans cutting electrical H.T. line , 4 acres of PG reservation , entry road only from one end , currently accessible only by an existing small village road etc. , will simply downgrade the prospects of the balance 70 % which shall practically never get a reasonable prospective buyer .

2. Your knowledge of the statutory regulations governing the development in this area of 27 villages is very limited . It's evident in your letter which does not mention that a 0.95 base FSI is already approvable in the area currently by MMRDA . Hence its time you handover the reins of the assignment in the hands of professionals who can do a better job .

3. Critical decisions like this cannot be settled just over a piece of paper , without proper face to face discussion . Do not try to implement autocracy . It shall end up ruining the entire project & simply give rise to unwanted litigations . You are requested to call for a meeting of all stake holders immediately . Your deadlines of 20th August 2016 are unacceptable by any means .

4. Cut pasting decisions of the year 2008 Matunga Gujarati club meeting , without reading the context of the matter in totality , is simply exposes the real intentions of the managing committee . Kindly do not misconstrue our intentions & social ambitions . You have no authority to decide what we can settle for in lieu of a 2,250 Sq.Ft. developed plot that was supposed to have a road access , leveled hardscape , proper drainage , road lighting , gated boundary wall etc. , after having waited for 22 long years & with 100 % payment already done .

Hope moral values shall prevail . Hope sense shall prevail . Hope democracy shall prevail . Hope majority shall be heard & respected . In anticipation , I remain ,

Yours Sincerely

( Heemanshu Nagda )
Fully Paid Plot Holder

P.S. : In case the committee does not decide to call for a open meeting of all the plot allottees / holders , I shall personally take the lead to do so , very soon . This communication is being copied to all plot holders for same .

## SCHOLARSHIPS FOR MINORITY COMMUNITY STUDENTS

**Scholarships Schemes belongs to Minority Community has been announced for 2016-17.**

**Pre - Matric I to Vth std - Rs.1000 p.a VI to Xth std -**

Rs. 5000 p.a Income Limit- Rs.1 Lak Last Date - 31st August.

**Post Matric 11 & 12th std - Rs. 9000 p.a Under Graduate -**

Rs. 6000 p.a Income Limit - Rs. 2lak Last Date - 31st August.

**Merit Cum Means Professional & Technical courses -**

Rs. 25000 p.a Income Limit - 2.5lak Last Date - 31st October.

It is mandatory for all students to apply online on www.momascholarship.gov.in www.scholarships.gov.in www.registrations.scholarships.gov.in • After submitting applications online, take print out of application & submit it in the Institutions/College. • Documents to be attached. • Aadhar Card • Photo with signature • Last year Mark list • Residential Proof • Self Declaration of Income Proof. • Self declaration of Religious Certificate. • Bank Passbook xerox with IFSC Number. For more details visit : **www.jainminoritycell.org**


આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા
શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી



**સલીમ ભાઈ ઢોલી**



મો.: 093247 96076 / 093211 31232
સંપર્ક : મહાવીર સ્પોર્ટસ, એમ.જી. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.



ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

# ''ચાતુર્માસમાં જાગ્યો છે રંગ સૌના હૈયે છે ઉમંગ''

સાંધવગામે ચાતુર્માસ પ્રવેશે નિમિત્તે તા. ૧૬-૦૭-૨૦૧૬ના નમીઉણ મહાપૂજન રાખવામાં આવેલ એનો લાભ શા. મુલજી પદમશી મોતા - લાલા, શા. વિશનજી શામજી સોની - જખૌ, શા. ઝવેરચંદ સોજપાળ મૈશેરી - નાની સિંધોડી, શા. વિજયસિંહ લાલજી ખોના - નલિયા, (પટેલ પરિવારની દીકરીઓના પરિવાર તરફથી) રૂા. ૧૦/-નું સંઘપૂજન કરવામાં આવેલ.

ચાતુર્માસ કરનાર દરેક આરાધકને સામાયિક સેટ, ટુવાલ, નેપકીન, બટવો, પૂજાનો રૂમાલ, અને કીટમાં વિવિધ આઈટમો ની પ્રભાવના શ્રી ઠાકરશી લાલજી પટેલ તરફથી કરવામાં આવેલ. તા. ૩૧-૦૭-૨૦૧૬ના માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે નવકાર મહામંત્રનું અનુષ્ઠાન સવારના ૯.૦૦ કલાકે રાખવામાં આવેલ. અનુષ્ઠાન કરાવનાર કેવલભાઈ સાવલા પધારેલ. રૂા. ૧૦/- ની પ્રભાવના મહેશ મુલજી મોતા - લાલા તરફથી કરવામાં આવેલ. દરેક આરાધકને તથા સ્ટાફને, બહેનોને ૨ સાડી, ભાઈઓને પેન્ટ શર્ટ માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ પરિવાર, માતુશ્રી રશીલાબેન માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી કરવામાં આવેલ. ચાતુર્માસ દરમિયાન તા. ૨૯-૦૮-૨૦૧૬ સુધી ભક્તામર, રોજના ૬ લક્કી ડ્રો એક કવર રૂા. ૨૫/-નો દરેક આરાધક, તેમજ ત્રણ લક્કી ડ્રો, માતુશ્રી રશીલાબેન માણેકજી લોડાયા, દરરોજ સવારના વ્યાખ્યાન પ્રભાવના દરેક દાતાશ્રીઓ તેમજ રૂા. ૫/- માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ પરિવાર, રૂા. ૫/- શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર તરફથી સવારના રાઈ પ્રતિક્રમણ, પ્રભુજીની પક્ષાલ પૂજા, સ્નાત્ર પૂજા, વ્યાખ્યાન સામુયિક ક્રિયા, શત્રુંજય વંદન, દેવ વંદન, બપોરના નવકાર મહામંત્રના જાપ રાત્રે પ્રતિક્રમણ, પ્રભુજીની ભવ્યાતિભવ્ય અંગરચના ૫૦-૫૫ જણની સંખ્યામાં આરાધકો આરાધના કરી રહ્યા છે. દરરોજ પ.પૂ. મ.સા.ને વંદન કરવા તેમજ શાંતિનાથ ભગવાનના દર્શન કરવા ભક્તો આવી રહ્યા છે. આરાધકો તપ, જપમાં આગળ રહ્યા છે. સર્વે સુખ શાતામાં છે. પ.પૂ. સાધ્વી શ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા.ની ૯૮ઓળી અનુમોદનાર્થે સવારના ૯.૦૦ કલાકે અહદ અભિષેક (તપ વંદનાવલી) રાખવામાં આવેલ છે. તા. ૩૧-૦૭-૨૦૧૬ના સવારના ૫.૦૦ કલાકે સ્નાત્ર મહાપૂજા તેમજ નવગ્રહ પાટલા પૂજન વાછરા દાદાના નૂતન મંદિરની શિલ્યાન્યાસ કરવામાં આવલ. મુંબઈથી તેમજ ગામવાસીઓ સારી સંખ્યામાં હાજર રહેલ.

લિ. **રાજેશ દંડ** **હિતેષ દંડ**

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

## સાંધવ નગરે આવ્યા પર્વાધિરાજ
## પર્વ પર્યુષણના વધામણાં
## હૈયા સહુના હરખાણાં

ભાગ્યશાળીઓ સમયની ધારા અવિરત વહેતી જ રહી છે અને વહેતી જ રહેશે સમયની મહા મૂલ્યવાન પળોને આપણે ઝડપી લઈએ અને પરભવ માટે થોડુંક ભાથું બાંધીએ. પર્વોના રાજા પર્વાધિરાજની સવારી ટૂંક સમયમાં આવી પહોંચશે માટે માદરેવતન ત્રિલોક નાથની છત્ર છાયામાં પ.પૂ.સા. ભગવંત પૂર્ણગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં આ મહાન પર્વની ઉજવણીમાં આપણે સહુ વિશાળ સંખ્યામાં જઈએ. સહુ ગામવાસીઓ, મોંઘેરા મહેમાનો, નિયાણી બહેનો તૈયાર થઈ જાઓ. આપનો અમૂલ્ય સમય દાદાને નામે ફાળવજો પર્વાધિરાજમાં તા.૨૯/૦૮થી ૦૮/૦૯ સુધી જરૂરથી પધારજો. કચ્છમાં મેઘરાજએ સારી મેહેર કરી છે આજુ બાજુ હરિયાળી ભર્યું વાતાવરણ છે. પૂ.સા. સૂખ શાતામાં છે.

**લિ. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, સાંધવ**
**પ્રમુખ શ્રી શામજી નરશી દંડ**
**દાતા પરિવાર જમકુબાઈ લાલજી પટેલ પરિવારના**
**જય જિનેન્દ્ર**

## છઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

કચ્છ, સાંધવ



મુલુન્ડ

**માતુશ્રી જમકુબાઈ લાલજી લોડાયા (પટેલ)**

પટલાણીમાં

અરિહંત શરણ : તા. ૭-૮-૨૦૧૦

**તમારા હેતની ન્હોતી કોઈ હદ, સ્નેહના ન્હોતા કોઈ સીમાડા**
**મમતાની ન્હોતી કોઈ મર્યાદા, વાત્સલ્યના ન્હોતા કોવાયરા**
**આશિષમાં ન્હોતી કોઈ અધુરાશ, કરૂણાના ન્હોતા કોઈ કિનારા**

**ઓ, મા કેમ કરીને ભૂલીયે તમારા સંભારણાં !!**
**જ્યાં પણ તમારો આત્મા હોય,**
**પ્રભુ તમારા આત્માને પરમ શાંતિ આપે શ્રદ્ધાંજલિ...**

**લિ.**

પુત્ર-પુત્રવધુ : **ગં.સ્વ. વિમલા ઠાકરશી લાલજી પટેલ**
**અ.સૌ. વિજયા ગોવિંદજી લાલજી પટેલ** (સાંધવ-મુલુંડ)

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ

## વાર્ષિક સામાન્ય સભા

સભાસદ ભાઈઓ/બહેનો

મંડળની વાર્ષિક સામાન્ય સભા (Annual General Meeting) રવિવાર, તા. ૨૫-૯-૨૦૧૬ ના રોજ સવારના ૯ કલાકે શ્રી જીવરાજ ભાણજી સભાગૃહ, અશોક નગર, મુલુંડ (વેસ્ટ) મધ્યે યોજાશે. વાર્ષિક સામાન્ય સભામાં નીચે મુજબનું કાર્ય હાથ ધરવામાં આવશે.

## કાર્યસૂચી (Agenda)

૧. ગત તા. ૧૮-૧૦-૨૦૧૫ ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની (મિનીટ્સ) નોંધનું વાંચન અને બહાલી.

૨. મંડળની પ્રવૃત્તિઓના અહેવાલની રજુઆત અને બહાલી.

૩. મંડળના વર્ષ ૨૦૧૫-૨૦૧૬ ના અન્વેષિત (Audited Accounts) હિસાબોના અન્વેષકશ્રીના અહેવાલ (Auditors Report) નું વાંચન તથા મંજૂરી.

૪. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

## ખાસ નોંધ

૧. ઉપરોક્ત વાર્ષિક સામાન્ય સભા કાર્યસાધક હાજરી (Quorum) ના અભાવે મુલત્વી રહેશે તો તેવી મુલત્વી રહેલી સભા તે જ સ્થળે અને તે જ દિવસે અડધા કલાક બાદ એટલે કે સવારે ૯.૩૦ કલાકે ફરી મળશે અને તે જ કાર્યસૂચી મુજબનું કાર્યહાથ ધરી શકશે અને તેમાં થયેલ કાર્યવાહી કાયદેસરની ગણાશે.

૨. હિસાબી વર્ષ ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષના અન્વેષિત હિસાબો (Audited Books of Accounts) ગુરૂવાર, તા. ૧૫-૯-૨૦૧૬ ના શુક્રવાર, તા. ૧૬-૯-૨૦૧૬, શનિવાર, તા. ૧૭-૯-૨૦૧૬ ના રાતે ૯ થી ૧૦. મંડળના સભ્યોને જોવા માટે શ્રી વિરજી જીવરાજ મેપાણી હોલ, દેવપૂંજ, કસ્તુરબા રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૮૦ ખાતે ખુલ્લા રાખવામાં આવશે. જે સભ્યોને હિસાબો બાબત કંઈ ખુલાસા જોઈતા હોય તેમણે બુધવાર તા. ૨૨-૯-૨૦૧૬ સુધીમાં મંડળના મંત્રીઓને લેખીત જણાવવું.

**તા.ક. તા. ૩૦-૬-૨૦૧૬ સુધીમાં મંડળના રોલ પત્રક રજીસ્ટરમાં નોંધાયેલ સભ્યો જ આ સભામાં ભાગલઈ શકશે.**

મુલુંડ-મુંબઈ
તા. ૨૨-૮-૨૦૧૬

એજ લિ.
હિતેશ લક્ષ્મીચંદ મૈશેરી,
કાંતીલાલ લખમશી વિકમશી
માનદ્‌મંત્રીઓ

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ

પ્લોટ નં. ૫૯, સેક્ટર-૧/એ, નવી શાક માર્કેટની પાછળ, ગાંધીધામ (કચ્છ), પીન - ૩૭૦ ૨૦૧.

## સમુહ લગ્ન ઉત્સવ - ૨૦૧૭

સર્વે જ્ઞાતિજનોને સહર્ષ જણાવવાનું કે કચ્છ-એકમ દ્વારા સમુહ લગ્ન ઉત્સવ - ૨૦૧૭નો ગાંધીધામમાં તા. ૨૯-૦૧-૨૦૧૭ રવિવારના આયોજન કરવામાં આવનાર છે. તેમાં જોડાવવા ઇચ્છુક પરિવારોએ નીચે જણાવેલ એકમના અધિકારીઓનો તા. ૧૫-૧૨-૨૦૧૬ સુધી સંપર્ક કરવા વિનંતી.

**શ્રી અરવિંદ લાલજી લોડાયા** (ગાંધીધામ) : **098256 34649**
**શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર** (ભૂજ) : **099251 69876**
**શ્રી કિરણ લખમશી મોતા** (નલિયા) : **099259 91118**

કચ્છ-એકમ વહીવટી કાર્યાલય, ગાંધીધામ

## -: વિચારોનું વલોણું :-

(૧) શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતીના સર્વે મહાજનશ્રીઓના ટ્રસ્ટીશ્રીઓ પદાધિકારીઓ અને કારોબારી સભ્યશ્રીઓ સાથે કચ્છના સ્થાનિક પ્રશ્નોની ચર્ચા અને એકબીજાના મંતવ્યોની આપલે કરવા (વિચારોનું વલોણું) સ્નેહ મિલન તા. ૦૪-૦૯-૨૦૧૬ રવિવારના આયંબીલવાડી નલિયા મુકામે આયોજન કરેલ છે. આ પ્રયાસમાં આપની હાજરી અતિ આવશ્યક હોઈ આપશ્રી આપનો અમુલ્ય સમય ફાળવી અવશ્ય પધારશો એવી અપેક્ષા.

આપના આગમનની જાણ અગાઉથી નીચે જણાવેલ નંબરપર કરવા વિનંતી જેથી યોગ્ય વ્યવસ્થા થઈ શકે. કાર્યક્રમ બાદ બપોરનું ભોજન સાથે લેશું.

**મોબાઈલ :**
**99252 87555 / 99251 38103 / 98256 34649**
**94272 49720 / 99251 69876**

## -: સરસ્વતી સન્માન :-

સમગ્ર કચ્છમાં વસતા જ્ઞાતિજનો માટે (ભૂજ-ગાંધીધામ-આદિપુર તેમજ અંજાર વિસ્તાર સિવાયના) ધોરણ-૧ અને ધોરણ-૧થી ઉપરના સર્વે વિદ્યાર્થીઓનો સરસ્વતી સન્માનનો કાર્યક્રમ તા. ૨૫-૦૯-૨૦૧૬ રવિવારના રોજ કચ્છ એકમ દ્વારા રાખેલ છે. આથી સર્વે વિદ્યાર્થીઓના વાલીઓને જણાવવાનું કે તેમના પુત્ર-પુત્રીઓની માર્કશીટ કચ્છ એકમના કારોબારીના સભ્યોને તા. ૧૦-૦૯-૨૦૧૬ સુધી પહોંચતી કરવા વિનંતી.

સરસ્વતી સન્માનનો વિગતવાર કાર્યક્રમ અને સ્થળની માહિતી પાછળથી જાહેર કરવામાં આવશે.

## પાકશાળાથી પ્રેમશાળા તરફ - ગીતા જૈન

હર મહિને અમે, જૂના જોગી જેવા, અમુક મિત્રો મળીએ. વર્ષોનો સાથ/સંબંધ હોવા છતાં સૌ પોતપોતાનાં વ્યવસાયમાં અને કામમાં ખૂબ વ્યસ્ત હોવાથી મળવાની તાલાવેલી હોવા છતાં મળી નહોતું શકાતું, આથી આવી સૌ-મિલનની વ્યવસ્થા નક્કી કરી લીધી હતી, જેથી સૌ એક સાથે મળી શકીએ, ભોજન કરીએ, પોતપોતાના અનુભવોની વહેંચણી કરીએ અને એક મહિના માટે 'પાથેય' પ્રાપ્ત કરી લઈએ.

આવા જ એક દિવસનાં મિલનની વાત.... અલકમલકની વાતો થઈ રહી હતી. ત્યાં જ એક સખી બોલી - મને સંબોધીને - થોડાં મશ્કરીનાં/ ઉપહાસનાં સ્વરે જ તો ! 'આને સવારે ૭-૭।। વાગ્યે ફોન કરીએ તો બેનબા, રસોડામાં મશગુલ હોય. સવાર સવારમાં રસોઈ કરવાની શું જરૂર ? 'બ્રેકફાસ્ટ'નાં સમયે રસોઈ કરીને 'લંચ વખતે ઠંડુ ખાવું ? ! થોડી મોડી કરે તો કેમ ?''

એની વાત એની રીતે સાચી હતી પણ, હું પણ મારી રીતે સાચી હોઈ મેં કહ્યું 'જો તારે કોઈ કામકાજ - વ્યવસાય નથી. ફક્ત રસોઈ કરી એક વાગ્યે આવતા પતિને જમાડવાના - ઉપરાંત ઉપરનું બધું કામ કરવા માટે બે-બે નોકરો, એટલે તું અગિયાર વાગ્યે રસોઈ કરે તો પણ ચાલે - મારી પરિસ્થિતિ જુદી છે. આઠ વાગતાં જ ફોન શરૂ થાય. એ ઉપરાંત નવ વાગ્યાથી કોઈ મળવા આવે, અથવા પત્રોત્તર વગેરેનું કામ હોય - આવા વખતે સ્વાભાવિકપણે મન અશાંત, તો ક્યારેક અસ્વસ્થ તો ક્યારેક ચીડ/ગુસ્સામાં પણ હોય, કે તાણયુક્ત હોય, અથવા અનેક કાર્યોની યોગ્ય વહેંચણીનાં વિચારોમાં હોય - હું આવા મનથી રસોઈ કરવાનું પસંદ ન કરું. આવો ખોરાક માનવીને સ્વસ્થતા ન આપી શકે - એ ઝેર સમાન બનવા લાગે. જેટલા પ્રમાણમાં મન અસ્વસ્થ હોય એટલા પ્રમાણમાં રસોઈની પૌષ્ટિકતા ઘટે એવું હું માનું છું. આથી જ વ્હેલી રસોઈ કરી લઉં - અને તો 'લંચ' સમયે ગરમ ખોરાક જ મળે એવા કેટલાયે ઉપકરણો મળે છે - હાં, પાછું જમીને બહાર જવાનું હોય ને !

હું તો મારી વાત કરતી રહી, અને અમારા મિત્ર ડૉ. ધનવંત શાહ અતીતમાં સરકી ગયા... અને એમણે જે પ્રસંગ કહ્યો તે જાણે તાદશ્ય બની રહ્યો. મારા વાચક મિત્રોને પણ આ પ્રસંગની સચ્ચાઈ સ્પર્શશે માનીને એમનાં જ શબ્દોમાં રજૂ કરું છું.

''સોનગઢ જૈન આશ્રમમાં હું અભ્યાસ કરતો હતો ત્યારે બે વેકેશનમાંથી એક, દિવાળીના વેકેશનમાં હું મારા ઘરે જવાનું ટાળતો હતો, અને આશ્રમમાં જ રહેતો હતો જેથી ઈતર સાહિત્યનું વાંચન થઈ શકે તેમજ અભ્યાસની પણ પૂર્વતૈયારી થઈ શકે. આ ઉપરાંત મુખ્ય લાલચ રહેતી આશ્રમના અધિષ્ઠાતા પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણચંદ્રજી બાપા અને અમારા સુપ્રિટેન્ડેન્ટ પૂ. દુલેરાય કારાણીની સેવા-સત્સંગનો લાભ મેળવવાની !

આ દિવસો દરમિયાન પૂ. કલ્યાણચંદ્રજી બાપા સૌરાષ્ટ્રના રાજવી ઘરોની મુલાકાત લેવાનો કાર્યક્રમ અચૂક બનાવે, અને આશ્રમમાં હું એક માત્ર વિદ્યાર્થી રજા દરમ્યાન રહ્યો હોવાથી મને પણ સાથે લઈ લે.

આ રાજવી ઘરોની મુલાકાતનો હેતુ એ સર્વેનો સંપર્ક કરવો, એમને સત્સંગનો લાભ આપવો, અને પોતાના આયુર્વેદજ્ઞાનથી એ સર્વેને તેમજ એ ગામના અન્યોને ઉપયોગી થવું એટલું જ. કોઈપણ પ્રકારનું દાન આશ્રમ માટે એઓ આ મુલાકાત વખતે ન જ સ્વીકારે.'' (હેતુ અને કામની સેળભેળ નહીં ને ! જ્ઞાની / વિદ્વાન વ્યક્તિઓ પ્રમાણભાન અને વિવેકમર્યાદાનો કેટલો ઉદાત્ત ખ્યાલ રાખે !)

''આ હેતુથી પૂ. કલ્યાણચંદ્રજી બાપા, પૂ. દુલેરાય કારાણી, હું, ગાડીના ડ્રાઈવર શ્રી લીલાધરભાઈ અને પૂ. બાપાના કમ્પાઊન્ડર જેવા કાનાભાઈ, આમ પાંચ જણ નીકળી પડીએ. ક્યાં જવાનું છે એ નક્કી ન હોય. આશ્રમના દરવાજેથી બહાર નીકળીએ એટલે પૂ. બાપા સૂચન કરે, એમ ગાડી વળે.

આ પ્રવાસ દરમ્યાન, ભાવનગર નરેશ કૃષ્ણકુમારજીને એમના ખેતરમાં મેં ટ્રેક્ટર ચલાવતા જોયાં છે. વલ્લભીપુર ઠાકોરને વિદ્યાર્થીઓ સાથે વોલીબોલ રમતા જોયાં છે, કેટલાંકની સાલિયાણાની રકમની વેદના પણ સાંભળી છે. એક નાનકડા ઠાકોરને તો સાલિયાણામાં માસિક રૂા. ૬૪ મળતા પણ સાંભળ્યાં, એમની એ વેદનાની વાતો તો ફરી ક્યારેક.

આમ જ એક વખત અમે લાઠી જઈ ચડ્યા. અમારા પહોંચવાની ખબર આગળથી પૂ. બાપા ક્યારેય ન આપે. સાચા અર્થમાં અતિથિની જેમ અમે પહોંચી જઈએ અને

પૂરો નહીં હવામાં અનાગતના સાથિયા
ઓગાળી દો બધાંય સ્મરણ, સાંભળ્યા કરો

બધાંને આશ્ચર્યમાં મૂકી દઈએ, પણ એ ઓચિંતા જવાથી એમનાં મોં ઉપર જે આનંદની ઝલકો જોઈ છે, એમાં સૌરાષ્ટ્રની આતિથ્ય ભાવનાના / પરોણાગતના પરમ દર્શન મેં કર્યા છે.'' (આજે તો 'અપોઈન્ટમેન્ટ' વગર મળવા જવું એટલે અશિષ્ટાચાર !)

''અમે લાઠી પહોંચ્યા, લગભગ સવારે નવ વાગ્યે. તરત જ લાઠી ઠાકોરના ભત્રીજા અને આંતરરાષ્ટ્રીય વિખ્યાત ચિત્રકાર કુમાર મંગળસિંહજી અમારૂં આતિથ્ય કરવા દોડી આવ્યાં. પછી તો ઠાકોર સાહેબ, અને કવિ કલાપિ, અને બીજી ઘણી બધી વાતો થતી રહી. કલાપીજીનું ઘર, બેઠક, પુસ્તકો - બધું જોયું. ત્રણ પ્રકારનાં મહેલ બનાવેલ, એકમાં પ્રવેશો તો મૌર્યયુગ લાગે, બીજામાં મોગલયુગ અને ત્રીજો અદ્યતન/અંગ્રજી ઢબનો; હવે તો આ બધું ક્યાં ગયું એ તો લાઠીવાસીઓ જ જાણે.''

(રાજકીય નેતા હોય તો સ્મારકો બનીને સચવાય ! આ તો કવિ !)

''બપોરના સમયે અમે બધાં જમવા બેઠાં. પૂ. બાપા પણ અમારી સાથે જ બેસે. બાજોઠ મંડાઈ. રાજવી ઘરનાં બધાં સભ્યો બેઠાં; સ્ત્રી વર્ગ સિવાય. મને એમ કે એ બધાં ઓજલમાં રહેતા હશે, પણ.... થોડીવારે અંદરથી પીરસવા માટે સ્ત્રી વર્ગ આવ્યો. એમના બા, પત્ની, પુત્રી !!! મને આશ્ચર્ય થયું, અહીં પીરસનાર નોકર નહીં ?

જમતા જમતા એમના બાએ રોટલો - કઢી કઈ રીતે બનાવ્યાં, કેમ ઘડ્યાં, વગેરે વગેરે રસોઈની ઝીણી ઝીણી વાતો કરી, એથી જાણી શકાયું કે રસોઈ ઘરના બધાં સ્ત્રી સભ્યાએ મળીને જ બનાવી છે - મારા માટે તો આ બીજું મોટું આશ્ચર્ય !! હું પૂ. કારાણી સાહેબની બાજુમાં બેઠો હતો. મેં ધીરે રહીને પૂછ્યું, ''અહીં પણ સાલિયાણું ઓછું મળતું લાગે છે, એટલે, આ રાજવી સ્ત્રીઓએ હાથે રસોઈ કરવી પડે છે, બહુ દુઃખ થાય નહિ?''

મારી આ ગુસપુસનો અણસારો મંગળસિંહજી અને એમના પત્નીને આવી ગયો. એ સંવેદનશીલ કલાકાર મારા મનના ભાવને પામી ગયા. પાછા એ ગૌરવભર્યા રાજવી. એટલે મારા મનમાં આ વાતને લઈને જાઉં તો એમને માટે અને એમના રાજવીકુટુંબ માટે સારું ન કહેવાય. કારણ કે મેં માની લીધું હતું એ આ રાજીવ કુટુંબની વાસ્તવિકતા ન હતી.

કુમાર મંગળસિંહજીને પૂ. બાપાને કહ્યું ''બાપા, તમારી શિખામણ અમારા ઘરનાં બધાં સ્ત્રી સભ્યોએ માની છે, અને અમને એનો આનંદ પણ છે.''

તરત જ પૂ. બાપા બોલ્યાં ''સરસ...''

મને થયું શી શિખામણ ? મારાથી અચાનક/અજાણતાં જ પૂછાઈ ગયું, ''બાપા, શી શિખામણ ?'' મને થયું કે અવિવેક તો થઈ ગયો છે ગયો છે પણ શું થાય ? (કિશોરવયની અધિરતા/જિજ્ઞાસા આગળ લાચાર !)

તરત જ મંગળસિંહજીએ વાત અને તક પકડીને કહ્યું - ''પૂ. બાપા ચારેક વર્ષ પહેલાં અહીં પધાર્યા ત્યારે એઓશ્રીએ અમારા સ્ત્રી સભ્યોને કહેલું, તમે બધી સાહેબી ભોગવો, પણ રસોઈ તો નોકરો પાસે ન કરાવો. જાતે રસોઈ કરો. એમાં આનંદ પરોવો. અન્ન અમૃત થઈ જશે. લોટને મસળતા, તમારા આંગળામાંથી પ્રેમ વહે છે એ પણ ભોજનમાં ઉમેરાશે. રસોયાના તન-મનની ચોખ્ખાઈ ક્યાં તમે તપાસવાના છો ? એ બીડી પીને કણક બાંધશે અને શાક સુધારશે. એના મનનો પગાર માટેનો અસંતોષ કે અંગત દુઃખ પણ, આ ભોજનમાં અવશ્ય પ્રવેશશે. ભોજન અમૃત તો જ બને, જો એમાં રસોઈ કરતી વખતે વાત્સલ્ય અને પ્રેમભાવ ભળે તો - અને એ પરિવારજનો સિવાય બીજે ક્યાં ઉદ્‌ભવે ? બસ, પૂ. બાપાની આ શિખામણ પછી અમારા ઘરના સ્ત્રી સભ્યો જ રસોઈ બનાવે, અને પીરસે પણ જાતે, અને ક્યારેક સાથે જમવું હોય, તો ટેબલ ઉપર તપેલા મૂકીને, બધાં સમૂહ ભોજન કરીએ. આ યોજનાથી અમારા ઘરના સર્વે પ્રસન્ન છે''

''અને રસોઈમાં લાગે કેટલો સમય ? માત્ર કલાક-દોઢ કલાક'' - મંગળસિંહજીના પત્નીએ ટાપસી પૂરી.

''આમ તો દોઢ કલાક તમે ટાપટીપમાં વેડફોને ? એના કરતાં આ સરસ''. મંગળસિંહજીએ એમ કહીને હળવાશ વેરી દીધી.

આ પછી પૂ. બાપા સાથે ઘણા રજવાડામાં જમવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. અને ઘણી જગ્યાએ લગભગ આ યોજના જોઈ-એમાંય વલ્લભીપુર ઠાકોરને ત્યાં આરોગેલી માટીના ઠામમાં બનાવેલી ખીચડી અને સ્ત્રી સભ્યોએ કમંડળથી પીરસેલું ઘી તો હજીય જીભ પર મઘમઘે છે.

**કોઈ સરી ન જાય આ શૂન્યાવકાશમાં**
**ચૂપચાપ રહીને વાતાવરણ સાંભળ્યા કરો**

# ગુજરાતના પ્રખ્યાત લેખક ચંદ્રકાંત બક્ષીની નવલસૃષ્ટિમાં આલેખાયેલું સ્ત્રીત્વ બક્ષીની નજરે

(લેખિકા વાસંતી ખોનાના પુસ્તક ''યશસ્વી સ્ત્રી પાત્રો – ચદ્રકાંત બક્ષીની નવલ કથાઓનાં''માંથી)

### પડઘા ડૂબી ગયા

● ''એક સ્ત્રીને માટે એકલી જિંદગી જીવવી એ અસાધારણ વસ્તુ હોય. સ્ત્રીનું શરીર એ એની પ્રગતિમાં ભયંકર અવરોધરૂપ બની જાય છે. એની સૌથી કીમતી મિલકત છે, તેનું શરીર, તેની આંખો.''



● ''લગ્ન એ ખરેખર દરેક સ્ત્રી માટે એક ક્રુર સમસ્યા હોય છે. દરેક સ્ત્રી માટે લગ્ન અને સુખ એ બહુ જ નિકટની વસ્તુઓ છે. લગ્ન કર્યા વિનાના સુખની કલ્પના એક સ્ત્રીને માટે ઓગળતા બરફ જેવી અસ્થિર છે અને સ્ત્રીના જીવનમાં સ્થિરતાની સાથે જ સુખ પ્રવેશે છે.''



● સ્ત્રીનું સ્થાન જીવનમાં લંગડા માણસની ઘોડી જેવું હોય છે. એના વિના પુરુષ ઘોડી વિનાના લંગડા માણસ જેવો અસહાય, અપંગ બની જાય છે, પણ ઘોડીનું મહત્વ વધતું નથી. એની જડ જિંદગીમાં પુરુષને ટેકો આપવા સિવાય કોઈ જ ઉપયોગિતા રહેતી નથી.''

● ''માતૃત્વ એ સ્વયંભૂ ચીજ છે. હૃદયના ધબકારા જેવી જીવંત રહે છે. માતૃત્વમાં ભરતી–ઓટને સ્થાન નથી. માતૃત્વ સ્ત્રીત્વ પર વિજય મેળવે છે.''

### એકલતાના કિનારા

● ''આખી દુનિયા ભરેલી હોય છે, પણ માણસ સ્ત્રી વિના એકલો પડી જાય છે. એક સ્ત્રી આવે છે અને દુનિયા ભરેલી ભરેલી થઈ જાય છે.''

● ''એકલા માણસના ઘણાખરા સવાલોના જવાબ એક સરસ સ્ત્રીના પ્રેમમાં મળી જાય છે.''

### આકાર

● ''લગ્ન એક સંસ્થા તરીકે મને કોઈ રીતે આકર્ષી શક્યું નથી. એક આખી જિંદગી જીવે એ ગણાય છે સંસ્કૃતિનું લક્ષણ... બસો વર્ષ પછી મને લાગે છે લગ્ન એક સંસ્થા તરીકે મરી જશે.''

### એક અને એક

● ''સ્ત્રીઓમાં ચહેરાઓ સિવાય બહુ ઓછો ફર્ક હોય છે. શરીર અને મનોવૃત્તિ એક જ હોય.''

● ''સમયનું ભાન હોતું નથી સમજદાર સ્ત્રીઓમાં, બેવકૂફ સ્ત્રીઓમાં જ હોય છે. પરણી નાંખે છે જલદી જલદી. પછી છોકરાં પેદા કરે છે. બે ટંક જમાડે છે. સારા સંસ્કાર શીખવે છે. માણસ બનાવે છે. આત્મસંતોષ સાથે એક જિંદગી ઘસાઈ ગયાના આત્મસંતોષ સાથે બીમાર પડે છે. બધું સમયસર થતું જાય છે. સમજદાર સ્ત્રીઓનો સમય પસાર થઈ જાય છે. સપનાઓ રહી જાય છે.''

● ''બધી જ આધુનિક સ્ત્રીઓ એક જ પ્રકારના જિદી ખ્યાલો રાખતી હોય છે.''

### પેરેલિસિસ

● ''કોઈ સ્ત્રી ફિલોસોફર થઈ હોય એવું સાંભળ્યું નથી પણ ઘણાને કરી મૂક્યા હોય એવું જરૂર સાંભળ્યું છે.''

● ''સ્ત્રીઓ જલદી નથી મરતી, એમનામાં ધૈર્ય હોય છે. દુઃખ સહન કરવાનું, દુઃખ આપ્યા કરવાનું, અપેક્ષા રાખ્યા કરવાની, જીવ્યા કરવાનું, આખી જિંદગી સ્ત્રી વસ્તુતઃ ધ્યેયહીન આશા રાખીને જીવી શકે છે.''

● ''લગ્નજીવનના સુખની કોઈ ફોર્મ્યુલા નથી. કોઈ કોષ્ટક નથી. બ્લાઈન્ડ રમતા જુગાર જેવું છે.''

### જાતક કથા

● ''સ્ત્રીએ પોતાની ઝડપ પ્રમાણે જીવવું પડે છે. એ સ્ત્રી સુખનાં ધોરણો બહુ ઉંચે લઈ જાય છે.''

### સુરખાબ

● ''જવાન હોય કે વૃદ્ધા હોય, સતીધર્મથી વધીને કોઈ

આ છેલ્લા શ્વાસ જઈ રહ્યા છે અંધકારના
હમણાં નીકળશે કોઈ કિરણ... સાંભળ્યા કરો
– સાંભળ્યા કરો, જવાહર બક્ષી

ધર્મ નથી.''

● ''એક વાર મરી ચૂકેલી સ્ત્રીની આંખોમાં ઈર્ષ્યા પણ મરી જાય છે.''

**આકાશે કહ્યું**

● ''આખી જિંદગી યાદ ન કરવાના પ્રાયશ્ચિત્ત રૂપે માણસ મરતી વખતે પત્નીને યાદ કરી લે છે.''

● ''મા વિનાની પુત્રીને મોટી કરવી એક ભયંકર સાધના છે.''

● ''માની શું ઉંમર હતી ? માને ઉંમર નથી હોતી.શું નામ હતું. - માને નામ નથી હોતું. મા ક્ષર નથી હોતી. અ-ક્ષર છે. સંતાનના શરીરમાં હંમેશા જીવતી રહ્યા કરે છે. મા જરૂરી હોય છે. જીવનના સંચાર માટે, પૃથ્વી અથવા સૂર્યની જેમ જીવનદાતા છે, માટે જ નહીં પણ પ્રથમ સમજદારી માએ આપી હતી. સ્નેહના પહેલા ચરણ સુગંધની વ્યાખ્યાઓ માએ આપી હતી. ભૂખ અને આંસુઓ અને અંધકારની સામેનું રક્ષણ, રાતની હૂંફ અને દિવસના પ્રકાશમાં હવામાનના ફેરફારો અને અજ્ઞાન અને શરીરની વેદનાની સામે હંમેશા નક્કર ખડકની જેમ ઊભી રહેતી હતી.''

**રીફ મરીના**

● ''પ્રેમ એ સામાન્ય શક્તિવાળી નાની વ્યક્તિઓની જ સંપૂર્ણ પ્રવૃત્તિ હોઈ શકે. શક્તિવાળી સ્ત્રી માટે પ્રેમ કારકિર્દી પર છવાઈ શકે નહીં. જ્યાં સુધી સ્ત્રી પ્રેમમાંથી સ્વતંત્ર ન થઈ શકે ત્યાં સુધી સંપૂર્ણ મનુષ્ય ન બની શકે. માત્ર અર્ધ મનુષ્ય થઈને રહી જશે. પ્રેમ કામચલાઉ થ્રીલ નથી. એને જિંદગીભરની આદત બનાવી દેવાનું બુદ્ધિમાન સ્ત્રીને પોષાય નહીં.''

**બાકી રાત**

● ''સ્ત્રીઓ લાંબું જીવે છે એનું મુખ્ય કારણ એ છે એ રિટાયર થતી નથી. સ્ત્રીઓ સો વર્ષ પણ રસોઈ બનાવી શકતી હોય છે.''

● ''જ્યારે સવારની ચાના ટેબલ પર પતિ કરતાં પત્ની પહેલાં છાપું વાંચી શકશે ત્યારે સ્ત્રી-સમાનતા અને સ્વાતંત્ર્ય એક બહુ મોટી સિદ્ધિ હાંસલ કરશે.''

● ''બુદ્ધિશાળી સ્ત્રીનો સૌથી મોટો ભય હોય છે - એકલતા.''

● ''માણસજાતની સ્ત્રીને જ વૈધવ્ય હોય છે. મરેલા પતિની વાસના તો છૂટી જાય છે, માલિકી છૂટતી નથી.''

**લીલી નસોમાં પાનખર**

● ''દીકરીનું સુખ પાસેથી જોવું, દીકરાનું સુખ દૂરથી જોવું.''

● ''એકલી જીવનારી સ્ત્રીને પણ બે માણસોના ડહાપણની જરૂર પડતી હોય છે.''

● ''દુનિયા વિધવાને સ્વીકારે છે, ડિવોર્સીને સ્વીકારતી નથી.''

● ''સ્ત્રીઓમાં હિંમત વધારે હોય છે, બળ ઓછું હશે. દરરોજ આગની સાથે કલાકો ગુજારવાના હોય છે. પ્રતિક્ષણ પુરુષોની દુનિયામાં જીવવાનું હોય છે. શ્વાસ લેવામાં પણ હિંમતની જરૂર પડતી હોય છે. એકલી સ્ત્રીઓ માટે ખાસ.''

**પ્રિય નીકી**

● ''સફળ સ્વકમાઈ કરનારી સ્ત્રીઓ સલામતીને લક્ષ્ય બનાવીને જ પૈસા ખર્ચે છે. સ્ત્રીને માટે પૈસા શક્તિ છે. સૌંદર્ય શોહરત છે. પૈસાથી આત્મવિશ્વાસ આવે છે.''

**કોરસ**

● ''સ્ત્રીનું શરીર જ સ્ત્રીના મનને કમજોર કરી નાંખે છે. સ્ત્રીનું શરીર જ એનું સૌથી મોટું દુશ્મન બની જાય છે.''

● ''વૈધવ્ય સહેલું છે જેમાં સ્ત્રીની જિંદગીના બે સાફ ભાગ પડી જાય છે : રંગીન અને સફેદ અથવા પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ. વૈધવ્ય થોડું સ્વીકાર્ય પણ હોય છે. પણ ડિવોર્સ ?''

● ''ડિવોર્સ સ્ત્રીને જરા વિકલાંગ બનાવી દે છે અને સંતાન હોય તો અપંગ બનાવીને એક દીવાલની સામે બેસાડી દે છે.''

● ''સ્ત્રી આભૂષણ વગર જ મનુષ્ય લાગે છે. આભૂષણોથી સ્ત્રી એક પાળેલા જાનવર જેવી લાગે છે.''

● ''એકલી સ્ત્રીનો સૌથી ક્રૂર શત્રુ હોય છે ભવિષ્ય, અને સૌથી દૂર હોય છે એકલતા.''

● ''ઈંગ્લૅન્ડ, ફ્રાન્સ, અમેરિકા, દ. આફ્રિકામાં એમણે સ્ત્રીઓ જોઈ હતી. સફેદ સફરજંદ જેવી ગુલાબી, સોનેરીથી બદામીથી ભૂખરા વાળવાળી, આકાશી બ્લ્યૂથી જાંબૂ જેવી આંખોવાળી, ગર્વથી છાતી ફેકીને મર્દાની કદમ ભરતી, ચહલકદમીથી તેજકદમી સુધીની ચાલ ચાલતી, હિંમતથી છલોછલ, સીધી ટટાર લગભગ નિર્લજ્જ કહી શકાય

કોની છે આ ધીંગી ધરતી ?
જીવનમાં અમૃતરસ ભરતી,
કોની છે આ ધીંગી ધરતી ?

## ગાંધારી રડાવી નાખતી નથી, બધાં જ આસું સૂકવી નાખે છે...

ગાંધારી મહાભારતનું એક પાત્ર છે, પણ એનું વ્યક્તિત્વ રામાયણના કોઈ પાત્ર જેવું છે. બે વચ્ચેનો તફાવત સ્પષ્ટ છે. રામાયણમાં ભૂમિકાઓ આદર્શ છે. લક્ષ્મણ આદર્શ નાનો ભાઈ છે, જેને ભાભીનાં કુંડલ-કેયૂરની ખબર નથી, માત્ર 'નૂપૂરં ચૈવ જાનામિ, નિત્યં પાદાભિ વન્દનાત્'' એટલે કે એણે આંખો ઊંચી કરીને સીતાને જોઈ નથી ! રામ મર્યાદાપુરુષોત્તમ છે. આદર્શ પુત્ર, આદર્શ પતિ, આદર્શ જ્યેષ્ઠ ભ્રાતા. કૈકેયી કનિષ્ઠ ખલનાયિકા છે, સીતા આદર્શ પત્ની છે, રામાયણમાં રાક્ષસો છે, મહાભારતમાં નથી. રામાયણમાં વાનરો છે, મહાભારતમાં નથી. રામાયણનાં પાત્રો હનુમાન જેવાં એકસૂત્રી, એકદિશા, એકદૃષ્ટિ છે, અક્ષુણ્ણ છે, નિષ્કલુષ છે. મહાભારતમાં ધર્મરાજા પણ અધર્મ કરે છે. અર્જુન ભૂલો કરે છે, ભીષ્મ પણ સંપૂર્ણ નથી, કુંતીનું સ્ખલન છે. મહાભારતનાં બધાં જ પાત્રો માનુષ્યિક છે, આપણા જેવાં છે, વિરોધિતાઓથી ભરેલા છે. રામાયણ દેવકથા છે, મહાભારત મનુષ્યકથા છે.



પણ મહાભારતમાં એક પાત્ર છે, જેનામાં રામાયણનાં પરિમાણો છે. રામાયણની ઊંચાઈ છે.ગાંધારીની પતિપરાયણતા સીતાથી જરા પણ ઓછી નથી, પણ કંઈક વધારે છે. કદાચ એનો ત્યાગ, એની તપસ્યા રામાયણના કોઈ જ સ્ત્રીપાત્રમાં નથી. ગાંધારી સમજાતી નથી, ગાંધારી વિશે પણ બહુ ઓછું લખાયું છે.

ગાંધારના રાજા સુભલની પુત્રી ગાંધારીએ ભગવાન શંકરની આરાધના કરીને એકસો પુત્રોનું વરદાન માગ્યું હતું. પિતાએ ગાંધારીનું ધૃતરાષ્ટ્ર માટે વાગ્દાન કર્યું હતું. ભાઈ શકુનિ સાથે ગાંધારી હસ્તિનાપુર આવી હતી. નગરની બહાર ભીષ્મ ગાંધારીના સ્વાગત માટે આવ્યા હતા. પછી ખબર પડી કે ધૃતરાષ્ટ્ર અંધ છે, ગાંધારીને મૂર્ચ્છા આવી ગઈ. જન્માંધ વ્યક્તિ સાથે એનું લગ્ન કરવામાં આવ્યું હતું. દગો થયો હતો.

ગાંધારીને આંખો પર રેશમી પટ્ટી બાંધી લીધી કે જેથી એ એના પતિના દોષ ન જોઈ શકે ! જીવનભર ગાંધારીએ બીજા પુરુષનું નામ પણ લીધું નથી. કુંતીને ગર્ભ રહ્યો એ વાત સાંભળીને ગાંધારીના ગર્ભથી પ્રગટ થયેલા માંસપિંડને વ્યાસે એ સૌ પુત્રોમાં વહેંચી નાખ્યો. ગાંધારીના બધા જ પુત્રો યુદ્ધમાં મૃત્યુ પામ્યા ત્યારે ગાંધારીએ કૃષ્ણ પર જ આક્રોશઅગ્નિ વરસાવ્યો છે. આ મહાભારતનો એક અત્યંત કરુણ પ્રસંગ છે. ગાંધારી એક જ એટલી પવિત્ર હતી કે ભગવાન કૃષ્ણ જેવાને પણ શાપ આપી શકે ! કૃષ્ણ જ્યારે પાંડવોની સાથે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને સાંત્વન આપવા ગયા ત્યારે ગાંધારી ભડકી ગઈ, કારણ કે કૃષ્ણની યોજનાઓ પ્રમાણે થયેલા યુદ્ધમાં ગાંધારીનો એક પણ પુત્ર બચ્યો નહોતો. ગાંધારી પૂછે છેઃ તમે મારા એક પુત્રને પણ બચાવ્યો નહિ કે જેથી વૃદ્ધાવસ્થામાં અમારો ખ્યાલ રહે ? તમે એ રીતે વિચાર્યું હોત તો કદાચ આ મહાયુદ્ધની જરૂર ન પડત. ગાંધારીએ શાપ ફટકાર્યો કે તમારી યાદવજાતિ પણ એનાં કુકર્મોને લીધે સ્વનાશ વહોરી લેશે અને મહાભારતને અંતે યાદવાસ્થળીની કરુણાન્તિકા છે, યાદવો આપસમાં લડી લડીને શેષ થઈ જાય છે.

શ્રીકૃષ્ણ વાસુદેવને શાપ આપનારી ગાંધારીનું પાત્ર નાનું છે, પણ બૌદ્ધિક અને માનવીય સ્તર બહુ ઊંચો છે. યુધિષ્ઠિર પર કોપિત થયેલી ગાંધારીની જરાક 'દૃષ્ટિ' પડતાં યુધિષ્ઠિરના પગના નખ કાળા પડી ગયા હતા. યુદ્ધ પછી ગાંધારી પૂછે છેઃ કેટલા રહ્યા ? દરેક સંતાન એક નવી વેદના હતું. મારે મારું પોતાનું કોઈ જીવન નહોતું. આજે હું શાંત છું. હવે કોઈનો વિજય મને સુખી કરી શકતો નથી, કોઈનો પરાજય મને દુઃખી કરી શકતો નથી. હવે કોઈ આશા નથી, કોઈ ભાવ નથી.

કુંતી અને વિદુર, ગાંધારી અને ધૃતરાષ્ટ્ર ગંગાદ્વારના વન તરફ પ્રસ્થાન કરે છે. અંતમાં ગંગાદ્વાર તરફ વનમાં દાવાનળ લાગ્યો છે. ધૃતરાષ્ટ્ર કહે છેઃ ગાંધારી, તું જે જોઈ શક્તી નથી એ હું સૂંઘી શકું છું, સાંભળી શકું છું. આગ પાસે આવી રહી છે. મૃત્યુની રાહ જોતાં જોતાં જીવતા રહેવાનો મને થાક લાગ્યો છે.

ધૃતરાષ્ટ્ર કહે છે : તું નદી ઓળંગીને નીકળી જા. ગાંધારી કહે છેઃ હવે હું તમને છોડવા માગતી નથી. અગ્નિની પ્રતીક્ષા કરવા કરતાં ચાલો આપણે જ અગ્નિને મળી

ધરા તણી ઘણી થઈને ફરતી, લાંબાં લશ્કર લઈ સરકારો :
તેય સૂતી સૌ સોડ તાણીને , મહાકાળનો થઈને ચારો !

જઈએ.... અને અંધપતિ ધૃતરાષ્ટ્રનો હાથ પકડીને ગાંધારી અગ્નિની દિશામાં ચાલે છે અને કુંતીની સાથે, એ ત્રણે દાવાનળમાં જલી જાય છે. પાછળથી યુધિષ્ઠિર આવે છે અને એમને જલાંજલિ અર્પણ કરે છે.

ગાંધારી અને ધૃતરાષ્ટ્ર વચ્ચેનો અંતિમ સંવાદ અત્યંત સાહિત્યિક કક્ષાનો છે. ધૃતરાષ્ટ્ર વિચારતા રહે છે, શા માટે એ પ્રથમ રાત્રિએ મેં ગાંધારીને મારી ન નાખી ? હું સમ્રાટ હતો, મેં ગાંધારીની આંખોની પટ્ટી ફાડી નાખી હોત. ગાંધારીને સંતાનનો ચહેરો જોવા માટે પણ એ પટ્ટી ખસેડવાનું હું કહી શક્યો હોત. કદાચ એક પ્રતિશોધની ભાવના હતી કે તું તારા પોતાના પુત્રનો ચહેરો પણ જોઈ નહિ શકે ?

અંતમાં ધૃતરાષ્ટ્ર ગાંધારીને એની આંખોની પટ્ટીઓ ખોલી નાખવા કહે છે. આ જગતને જોતાં શીખવાનું છે, માણસને જોતાં શીખવાનું છે, તારા ભૂતકાળને જોતાં શીખવાનું છે. આપણાં જીવન સમાપ્ત થઈ ગયાં છે. આંખો પર પટ્ટીઓ સાથે મૃત્યુ થાય એ ધૃતરાષ્ટ્રની ઈચ્છા નથી. ગાંધારી ધીરે ધીરે આંખો પરની પટ્ટીઓ ખોલે છે, અને કહે છેઃ મેં મારી આંખો પરની પટ્ટીઓ ખોલી નાખી છે, પણ કંઈ જ સ્પષ્ટ દેખાતું નથી! ધૃતરાષ્ટ્ર ગાંધારીનો હાથ પકડે છે, કદાચ પહેલી વાર અંધ સમ્રાટ નાના બાળકની જેમ રડી પડે છે. મહાભારતનું આ એક અત્યંત ગમગીન દૃશ્ય છે. વર્ષો સુધી જે આંખોએ માત્ર અંધારું જોયું છે એ આંખો પ્રકાશ જોઈ શકતી નથી. આંખોની અંદર પ્રકાશ હતો, જે અંધારું જોઈ શકતો હતો. હવે અંદરનો એ પ્રકાશ બહારના ચકાચૌંધ પ્રકાશને જોવા અસમર્થ છે.અને ધૃતરાષ્ટ્ર કહે છેઃ ગાંધારી! એક-બે દિવસ કુંતી તને સહાય કરશે. પછી તું જોઈ શકશે. જે દિવસે તું સ્પષ્ટ જોઈ શકે એ દિવસે મારો હાથ પકડજે, મને દોરજે.....

ગાંધારીના જીવનગ્રાફની સામે, ગાંધારીના આરોહ-અવરોહની સામે, ગાંધારીના સંવદેનની સામે સીતાનું અસ્તિત્વ તદ્દન ફ્લેટ લાગે છે. ગાંધારી પણ ભયાનકની કક્ષાએ જઈ શકે એવી પતિવ્રતા હતી અને એ નીરસ, એકેન્દ્રિય નથી. એનો ત્યાગ ક્રુર ટોર્ચરની ઝળહળી રહેલી સીમા સુધી પહોંચી જાય છે. ગાંધારી રડાવી નાખતી નથી. બધાં જ આંસુ સૂકવી નાખે છે. ગાંધારી એક રહસ્યમય સ્ત્રી છે, જેણે સ્વેચ્છાએ, જીવનભર, એના એકસો પુત્રોમાંથી એકનો પણ ચેહરો જોયો નથી... **- ચંદ્રકાંત બક્ષી**

**સ્ત્રીત્વ બક્ષીની નજરે** - અનુસંધાન ૨૦મા પાને

એટલા આત્મભાનથી અને અભિમાનથી ફરતી સ્ત્રીઓ, ફિરંગી મિજાજની સ્ત્રીઓ, શરબતી સ્વભાવની સ્ત્રીઓ, સ્વપ્નિલ રૂમાનિયતની સ્ત્રીઓ.''

**મારું નામ તારું નામ**

- ''સ્ત્રી આવતા ભવ સુધી એકલી રહી શકે છે. પુરુષ આવતી કાલ સુધી એકલો રહેતાં હાંફી જાય છે.''
- '' એડ્જસ્ટમેન્ટ એ પરાજયનો સ્વીકાર કરે છે. માટે સ્ત્રીઓ જલદી એડ્જસ્ટ થઈ શકે છે.''
- ''પુરુષનું દુઃખ અને સ્ત્રીનું દુઃખ બે જુદી વસ્તુઓ છે. સ્ત્રી દુઃખમાંથી આનંદ મેળવી શકે છે. પુરુષ તૂટી જાય છે.''
- ''સ્ત્રીની જિંદગીમાં પ્રવેશવું સહેલું છે, એની જિંદગીની ભુલભુલામણીમાંથી બહાર નીકળવું બહુ અઘરું છે.''

**સમકાલ**

- ''સ્ત્રી જીવી શકે છે, જીવતા પતિથી દૂર અને મરેલા પતિની સ્મૃતિ પાસે રાખીને.''
- ''સ્ત્રીઓ જીવે છે, લાંબુ જીવે છે અને લાંબુ જીવી ગયેલી સ્ત્રીની અસર દીર્ઘકાલીન હોય છે. કડવી બદામના અત્તરની ખુશ્બૂ જેવી, અને એનો આત્મા પારદર્શક બની જાય છે.''
- ''કોઈ સ્ત્રી પોતાના પતિ અને પોતાના સંતાનને એટલી જલદી ભૂલી શકતી નથી. એકને તમે બધું જ સોંપી દીધું છે અને બીજામાં તમારું લોહી છે.''

---

**પાકશાળાથી પ્રેમશાળા તરફ** - પાના નં. ૧૮થી ચાલુ

મને ખ્યાલ છે, અમારા આશ્રમમાં પૂ. બાપા સ્વયંપાકનો એક દિવસ યોજતા. તે દિવસે આશ્રમના બધાં કર્મચારીઓને રજા - આખો આશ્રમ અમારે સાફ કરવાનો અને રસોઈ પણ અમારા બધાંએ જ બનાવવાની. એ દિવસની અમે કાચી-પાકી બનાવેલી રસોઈ, અન્ય દિવસોએ રસોયાએ બનાવેલા પકવાન કરતાં મીઠી લાગતી, એ મીઠાશ - એ આનંદ આજે ય અનુભવાય છે. આ યોજના પાછળ પૂ. બાપાને આ જ સિદ્ધાંત શિખવવાની ઇચ્છા હશે ને !''

આ આખો પ્રસંગ જ સ્વયંસ્પષ્ટ હોઈ હું શું વધુ ચંચુપાત કરું, અસ્તુ !

**(લેખિકાના પુસ્તક ''રવમાં નીરવતા''માંથી સાભાર)**

**ને એ સૌની મશ્કરી કરતી, હસી રહી આજે યે ધરતી !**
**એ જ લહેરથી વિશ્વ વિહરતી - કોની છે આ ધીંગી ધરતી ?**
**- કરસનદાસ માણેક**

સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### તીરૂપુરમાં ધર્મ આરાધના

તીરૂપુર સંઘમાં પ.પુ. મુનીશ્રી ધર્મપ્રભ સાગર આદિ ઠાણા ૩ બીરાજમાન છે. પ.પુ. મુનીશ્રી રાજશેખર સાગર મ.સા. પ્રતિક્રમણ સૂત્રના અર્થ સમજાવી રહ્યા છે.

પ.પુ. મુનીશ્રી ધર્મશેખર સાગરશ્રી મ.સા. ''પંચસૂત્ર'' તથા શાંતિનાથ ચરિત્રનો વ્યાખ્યાન ચાલ છે. સારી સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ લાભ લઈ રહ્યા છે. જીરાવલ્લા તપ ચાલુ છે, તેમાં પણ ૫૦ તપસ્વી લાભ લઈ રહ્યા છે. રવિવારના જાહેર પ્રવચન આપે છે. તા. ૨૪-૭-૨૦૧૬ના નવકાર જાપ અનુષ્ઠાન યોજાયેલ જાપ કરાવવા કોચીનથી પરેશ મોતા તથા કોઈમ્બતૂરથી શ્રી સુપાર્શ્વનાથ મંડળનાં ભાઈઓ પધારેલ. સાંકળી આયંબીલની તપસ્યા ચાલે છે.

કોઈને પણ તીરૂપુરમાં ચાતુર્માસમાં આવવાની ભાવના થાય તો વિના સંકોચે સંઘ ને જાણ કરશોજી. સંપર્ક : 98940 48485 / 94422 43294 / 94861 12490

### શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ, રાયપુરમાં ત્રિ વાર્ષિક ચુનાવ થયા. આપ્રમાણે પદાધિકારી નિયુક્ત થયા :

અધ્યક્ષ - ધવલ મહેન્દ્ર લોડાયા, ઉપાધ્યક્ષ - હેતલ ગીત શાહ, જિગર હરીશ લોડાયા, સચિવ - નેહા અમિત જીવાણી, ખજાનચી - કપિલ નારાયણજી મૈશેરી, સહ સચિવ - કરણ દિપક નાગડા, અનિલ પ્રવિણ લોડાયા અને કાર્યકારીણી સદસ્ય - નિતેશ, ઉમરશી મૈશેરી, કેવલ તરણ લોડાયા, મિત ગિરીશ શિયાડ, રૌનક વિજય લોડાયા, પાર્થ પ્રવીણ મૈશેરી, જિગ્નેશ ગિરીશ નાગડા, ખુશબુ દીપક લાલકા, વિરલ રાજેશ લોડાયા.

### સમસ્ત જૈન ફીરકાઓ માટે લગ્નોત્સુક પરિચય મિલન

ગુજરાતી / કચ્છી જૈન પરિવારોના ડૉક્ટર, સીએ, એન્જીનીયર, એમબીએ જેવું વધુ ભણેલા લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે પરિચય મિલનનું આયોજન રવિવાર તા. ૨૧ ઑગસ્ટ ૨૦૧૬ ના રોજ તારાબાઈ હોલ, મરીન લાઈન્સ ખાતે ધર્મ ભાવનાની પ્રેરણાથી રાકેશભાઈ જોશી સંચાલિત સગપણ સેતુ દ્વારા કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં વધુ ભણેલા અને સારો પગાર ધરાવતા, વિદેશમાં કમાતા અથવા ફેમીલી બીઝનેસ ધરાવતા યુવક-યુવતીઓ પેરેન્ટ્સ સાથે ભાગ લઈ શકશે.

કાર્યક્રમમાં ભાગ ન લઈ શકનાર માટે : www.sagpansetu.com વેબસાઈટની મેમ્બરશીપ આવકાર્ય છે.

અન્ય માહિતી માટે મોબાઈલ નં. 070453 61287 / 022-6742 1287 ઉપર સંપર્ક અથવા sagpansetu@gmail.com ઉપર ઈમેલ કરવો.

### ભુજોડીમાં ચારગતિ નિવારક અનુષ્ઠાન

વર્ધમાન નગર (ભુજોડીમાં) શ્રી તપાગચ્છ સંપ્રદાયના પ.પૂ. સાધ્વીશ્રી જીતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા સાધ્વીશ્રી જિનરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની નિશ્રામાં તા. ૭.૮.૨૦૧૬ને રવિવાર બપોરના ૨ વાગે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ચાર ગતિ નિવારક અનુષ્ઠાનનું આયોજન ઉપાશ્રયમાં કરવામાં આવેલ, ચાતુર્માસ ધાર્મિક અનુષ્ઠાનોની સંગાથે ચાલી રહ્યું છે. હમણાં એમની નિશ્રામાં શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથનું ચારગતિ નિવારક ભક્તિ અનુષ્ઠાન વર્ધમાન નગર (ભુજોડી) મધ્યે યોજવામાં આવેલ. અનુષ્ઠાનની વિધિ શ્રી કિશોરભાઈ સાંયાએ ભાવપૂર્વક કરાવેલ.

અનુષ્ઠાનમાં સ્તવનો વગેરે સંગીતકાર શ્રી મનસુખભાઈ શેઠે પણ સુંદર કંઠ દ્વારા સ્તવનો ગાઈ અનુષ્ઠાનમાં અનેરો રંગ લાવેલ સાથે ખમાબેન તેમજ હસમુખભાઈ સંજયભાઈ, રૂષભ શેઠ તથા મનીષ કચ્છીએ પણ સ્તવનો ગાઈ અનેરો રંગ લાવેલ.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

### શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંચ – ધુલિયા

ધુલીયાના ક.દ.ઓ. જૈન મહિલા મંચની સભા જેઠ વદ પાંચમને શુક્રવાર તા. ૨૪-૬-૨૦૧૬ના રોજ સભ્ય સૌ. નમ્રતાબેન આશિષ સોનીના નિવાસસ્થાને, સૌ. ચેતનાબેન જયેશ ભાટેના પ્રમુખપણા હેઠળ મળેલ. મહિલા મંડળ તરફથી શબ્દ ગીત સ્પર્ધામાં પ્રથમ સૌ. પ્રીતિબેન મોમાયા તથા દ્વિતીય સૌ. લતાબેન દંડ વિજેતા થયેલ. સૌ. નમ્રતાબેને રાજગૃહી તીર્થ વિશે માહિતી આપેલ. સૌ. નમ્રતાબેને રમાડેલ બેલેન્સ ગેમમાં પ્રથમ સૌ પ્રીતિબેન મોમાયા તથા દ્વિતીય સૌ. શીતલબેન ભાટે વિજેતા થયેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. મનિષાબેન ભાટે વિજેતા થયેલ. વિજેતાઓને સૌ નમ્રતાબેન તરફથી સૌ. રંજનાબેન મેઘજી સોનીના હસ્તે ઈનામ આપવામાં આવેલ. સૌ. ઉષાબેન દિલીપ નાગડાની લગ્નતિથિ પ્રસંગે રૂા. ૧૦૧/- મહિલા મંચને ભેટ મળેલ.

મહિલા મંચની સભા અષાઢ સુદ ૧૩ને રવિવાર તા. ૧૭-૭-૨૦૧૬ના રોજ શ્રી અમીઝરા શીતલનાથ જૈન દેરાસર દાદાવાડીમાં સૌ ચેતનાબેન જયેશ ભાટેના પ્રમુખપણા હેઠળ મળેલ. અષાઢી બીજ કચ્છી નૂતન વર્ષની શુભેચ્છા આપવામાં આવેલ. મહિલા મંચ તરફથી 'કચ્છ દર્શન' પેપર ગેમ રમાડવામાં આવેલ. જેમાં પ્રથમ સૌ. લીનાબેન મોમાયા તથા દ્વિતીય સૌ. ચેતનાબેન ભાટે વિજેતા થયેલ. વિજેતાઓને મંચ તરફથી ઈનામ આપવામાં આવેલ. કચ્છી ગીતો અને અંતાક્ષરીનો આનંદ માણેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમની જાહેરાતમાં ભૂલસુધાર

શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ યુવા મંચ અને મહિલા મંચની બેઠક તેમજ સર્વ સામાન્ય સભા ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૬ પારોલા ખાતે યોજાવાની છે. જાહેરાતમાં શરતચૂકથી તેનો મહિનો ઓક્ટોબર લખાયેલ છે તે સુધારીને વાચવું.

---

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**કુ. કરિશ્મા હર્ષદ લોડાયા**
**મલકાપુર – સુથરી**
MCA I **10/8.60** A+
**કૉલેજમાં II નંબર**



**રોહન (હર્ષા) નિખિલ રતિલાલ ખોના**
**માટુંગા**
LL.B. Degree



**દિપ (ભૈરવી) રોહિત બોરીચા**
**બાયઠ – આદિપુર – ભુજ**
S.S.C. CBSE માં **81.7%**



**નીમેષ અશોક પટેલ (મોમાયા)**
**કોઈમ્બતુર**
B.Tech (Automobile) Eng.માં
First Class with Distinction



**પૂજા હર્ષદ લાપસિયા**
**નાંદેડ** M.Tech (Compurter Science) માં **93.4**
(CGA 9.34/10)



**રોશની વિજય શાહ (મોતા)**
H.S.C. (Commerce)
માં **85.23%**



**કુણાલ તિલકભાઈ ડાઘા**
**ગોએરસમા – માંડવી**
M.E. - Machine Design (II Sem.)
**9.27 CPI સાથે ગુજરાતમાં પ્રથમ**


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

પર્યુષણ નિમિતે તપસ્યા, ધર્મશ્રવણ અને અન્ય રીતે ધર્મ આરાધના કરતા સૌ પુણ્યાત્માઓને તેમની તપશ્ચર્યા નિર્વિઘ્ન પૂરી થાય અને ચાતુર્માસ જીવનને નવી દિશા આપનારું હોય એવી શુભકામના...
– ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental

**નવા/બદલાયેલા સરનામા/ફોન** – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **દિનેશ એમ. લોડાયા** (PS 2216) | ૨૮૭૫, અવધૂત કો.હા.સો., ૧લે માળે, બિલ્ડીંગ નં. ૯૬, પંત નગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૫. |
| **જગતસિંહ ડી. લોડાયા** (PS 1012) | ફ્લેટ નં. ૧, એ વિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, ૧૯૬૯/૩૫૩ હનીકોમ્બ કો.હા.સો., આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. મો.: ૯૮૩૩૬ ૯૪૪૧૩, ૯૭૬૯૦ ૬૬૮૯૮ |
| **મહેન્દ્ર વી. લોડાયા** (PS 1554) | ૩૦૫, મેરેથૉન મોરયા, ૩જે માળે, કેસી ઈન્ડસ્ટ્રીઝ પાસે, લેક રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. |
| **હરીશ ડી. દંડ** (PS 2790) | ૧૦૩, ઓમ સાઈ માઉલી એપાર્ટમેન્ટ, ડ્રીમ બાર પાછળ, લક્ષ્મીબેન છેડા માર્ગ, નાલાસોપારા (વેસ્ટ) - ૪૦૧ ૨૦૩. મો.: ૯૮૬૭૧૧૭૧૨૫ (હિતેશ) |
| **દિનેશ એલ. લાપસીયા** (PS 3618) | ૫, અનંતછાયા, અનંત વાડી, ઠાકુરવાડી લેન નં. ૧, દીનદયાલ ક્રોસ રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૯૭૬૯૫ ૮૦૦૦૫ |
| **મનીષ એસ. લોડાયા** (PS 6560) | ફ્લેટ નં. ૨, દુર્ગેશ વિલા, ચોક નં. ૫, ગોવિંદ નગર, નાસિક - ૪૨૨ ૦૦૯. મો.: ૯૮૨૩૧ ૪૮૮૫૧ |
| **શીવજી એલ. શાહ (દંડ)** (PS 6005) | ૨૪૧૧/૫, ૧૦મો મેઈન, એમ.સી.સી.એ. બ્લોક, બક્કેશ્વર સ્કૂલ પાસે, દાવણગીરી - ૫૭૭ ૦૦૪. કર્ણાટક મો.: શીવજીભાઈ - ૦૮૭૬૨૭૨૦૮૩૧ વિજયાબેન - ૦૯૪૮૩૦ ૪૦૩૯૨ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૭-૧૬ | વડોદરા | આરવી, તેજીની અંકીત લહેરચંદ મૈશેરી | નાની સિંધોડી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૮-૧૬ | ડોમ્બીવલી | મયુર દિનેશ જેઠાલાલ મોતા | કોઠારા | ૨૯ |
| | બારામતી | ભાવિકા સુરેશચંદ્ર તેજપાર શિયાલ | જખૌ | ૨૬ |
| ૦૯-૦૮-૧૬ | ડોમ્બીવલી | જીતેન કિર્તીકુમાર ખીમજી વિકમશી | વારાપધર | ૩૩ |
| | પાચોરા | લીના સુભાષભાઈ લક્ષ્મીચંદ ધરમશી | સુથરી | ૩૧ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૨-૧૬ | જલગામ | ઉમેશ બસંતી લાલજી છાજેડ (જૈન) | જોધપુર | ૨૬ |
| | જલગામ | હર્વિકા મિનેષ મુલજી નાગડા | લાલા | ૨૨ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૮-૧૬ | ડોમ્બીવલી | રામજીભાઈ લાલજી ખીમજી | સાંધવ | ૭૦ |
| ૧૨-૦૮-૧૬ | નાંગ્રેચા | ઝવેરચંદ લખમશી પાનપરિયા | નાંગ્રેચા | ૭૧ |
| ૧૨-૦૮-૧૬ | ડોમ્બીવલી | દામજી વેરશી લોડાયા | સુથરી | ૯૫ |

**સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો : સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણા બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના થઈ, નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**



CA અવની શૈલેષ દેવજી દૌલત
સુથરી - ઊંઝા
જન્મ : તા. ૨ જુલાઈ ૧૯૯૪

*Congratulations*

# CA AVANI SHAILESH DAULAT

## દૌલત- ખોના પરિવારનું ગૌરવ

### સિદ્ધિનું સોપાન સર... આનંદના ઓવારણાં

ઉચ્ચ શિક્ષણના સફરમાં સી.એ. થનાર કુ. અવનીને હેતભર્યા અભિનંદન... કુ. અવની જીવનના સફરમાં વધુ ને વધુ ઉચ્ચ લક્ષ્યો સિદ્ધ કરે અને સતત સફળતા પ્રાપ્ત કરે એવા અમારા અંતરના આશિષ.

**શુભેચ્છક**

દાદી-દાદા : માતુશ્રી વિજયાબેન દેવજી દૌલત (સુથરી - ઊંઝા)
નાની-નાના : સ્વ. કાંતાબેન લક્ષ્મીચંદ (દેવજી) ખોના (નલિયા - હુબલી)
મમ્મી-પપ્પા : શિલ્પા – શૈલેષ દેવજી દૌલત
ભાભી-ભાઈ : વિધી – હર્ષલ શૈલેષ દૌલત
બેન-બનેવી : ધ્વની – પ્રિયેશકુમાર મહેન્દ્ર લોડાયા (પીર)

**આશિર્વાદ**

જ્યોતી – બિપીન દેવજી દૌલત (નાશિક)
ધનલક્ષ્મી – હરીશ દેવજી દૌલત (કોલકતા)

**અભિનંદન**

પ્રિયલ–દેવાંશી–પરીન બિપીન દૌલત
જિનાજ્ઞા–જિયા–ભાવિન બિપીન દૌલત

મહાલક્ષ્મી સેલ્સ કોર્પોરેશન, ગંજ બઝાર, ઊંઝા
ફોન : શૈલેષભાઈ – 09825060486 / 09376077647 • શિલ્પાબેન – 09327777567

---

## હાર્દિક અભિનંદન



ચિ. ધનવી-નીપા વિરચંદ મૈશેરી
(નાની સિંધોડી-ડોંબિવલી)
S.S.C. Board 90%

સરસ્વતી દેવીની અસિમ કૃપા અને વડીલોના શુભાશિર્વાદથી ચિ. ધનવી S.S.C. Board માં ૯૦ % ગુણાંક મેળવી ઉતીર્ણ થઇ છે. બન્ને પરિવારોનું નામ રોશન કરનાર લાડલી ધનવીના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભ કામના.

સફળતા ચમકે સદા તારા મસ્તકે, એ છે અમ દિલના અરમાન જીવનમાં, પ્રગતિના દરેક સોપાન પાર પાડી વધારજે મમ્મી-પપ્પાની શાન !

**આશિર્વાદ અને શુભેચ્છા**

દાદાણા - માતુશ્રી ચંદનબાઇ પાશ્વીર દેવજી મૈશેરી પરિવાર (નાની સિંધોડી-ડોંબિવલી)
નાનાણા - માતુશ્રી લત્તાબેન લહેરચંદ પદમશી વિકમશી પરિવાર (પરજાઉ-મસ્જીદબંદર)
તથા સમસ્ત મૈશેરી અને વિકમશી પરિવાર

Wel Wishers

SIR ACADEMY | DNV | DNV REMEDIES | Lovely Tailors
Vansh Transline

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ - રાયપુરમાં ચાતુર્માસ પ્રવેશ



શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘના શ્રી કુંથુનાથ શ્વેતાંબર જિનાલયમાં પ.પૂ. ગુરૂમાતા સાધ્વી હિરણ્યાગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સમયગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ. શ્રુતગુણાશ્રીજી મ.સા. આદીઠાણા ૨ નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ ઢોલ નગાડા સાથે સેકડો જ્ઞાતિ જનો સાથે વિશા ઓસવાલ, ગુજરાતી જૈન, મારવાડી જૈન સધાર્મિક ભાઈ-બહેનોની બહોળી હાજરીમાં ધૂમધામથી થયો. સવારના નવકારશીને બપોરે સાધર્મિક સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યા. સાધ્વીશ્રીએ સાર ગર્ભીત પ્રવચનથી શ્રોતાઓંને મંત્રમુગ્ધ કરી દીધા. બાહરગામથી પણ ભાવિકો પધારેલ, જેમનું સંઘ દ્વારા બહુમાન કરવામાં આવેલ.

કામળી ઓઢાડવાનો લાભ નાંદેડથી પધારેલ ભાઈ શ્રીમતી સંગીતા સંજય ભંડારીએ લીધેલ. સુત્રનો લાભ માતુશ્રી ચંપાબેન ઉમરશી શાહ અને શ્રીમતી મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવારે લીધેલ.

કુંથુનાથ મહિલા મંડળની બહેનોએ સરસ ભક્તિગીત દ્વારા સાહેબજીનું સ્વાગત કરેલ.



## જ્ઞાતિ તથા દલતુંગી ગામ નુ ગૌરવ

ગામ : દલતુંગી



હાલ : મુલુંડ

**ચિ. માનસી રાજેશ લાપસિયા**

**માતુશ્રી ધનલક્ષ્મી વિશનજી લાપસિયા ની લાડલી પૌત્રી ચિ. માનસી એ BCAF (B.Com in Accounting & Finance) મા 83% થી ઉત્તિર્ણ થવા બદલ હાર્દિક અભિનંદન**

**જીવનની સફરમાં વધુ ને વધુ ઉચ્ચ લક્ષ્યો સિધ્ધ કરે અને સતત ઝળહળતી સફળતા પ્રાપ્ત કરે, એવા અંતરના આશિષ**

**દાદી દાદા :** માતુશ્રી ધનલક્ષ્મી વિશનજી લાપસિયા..(દલતુંગી-મુલુંડ)
**નાની નાના :** અ. સૌ. પુષ્પા પ્રવિણ મુનવર............(રંગપુર-મુલુંડ)
**માતા પિતા :** અ. સૌ. અલ્પા રાજેશ લાપસિયા...... (દલતુંગી-મુલુંડ)
**કાકી કાકા :** અ. સૌ. નીલમ હિરેન લાપસિયા ...... (દલતુંગી-મુલુંડ)
**ફઈ ફુઆ.. :** અ. સૌ. કલ્પના મનોજ દંડ.........(સેવક ભરૂડિયા-મુલુંડ)
**બેનો...... :** ઉન્નતિ, સ્તુતી, પલક, વંશિકા, ઇશિકા


## નલીયા સહીરક મહોત્સવના ચડાવા



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન નલીયા તથા શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ દ્વારા નલીયા તીર્થ મંડન શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયના ૧૭૫ વર્ષ સહીરક મહોત્સવના ચડાવા (ઊછામણી)નું આયોજન રવિવાર, તા. ૭ ઑગસ્ટ ૨૦૧૬ના થાણાના ટીપટોપ પ્લાઝામાં કરવામાં આવેલ.

મહોત્સવના અધ્યક્ષ શ્રી મુલંચદ પદમશી મોતા દ્વારા સ્વાગત બાદ નવકારમંત્ર આરાધક સુશ્રાવક શ્રી નરેન્દ્રભાઈ નંદુ તથા ચિ. કૈવન - જય નંદુના સંગીત તથા શબ્દના સથવારે ચડાવા બોલાવવામાં આવેલ. જેમાં નિયાણી બહેનો તથા ગ્રામજનોએ ઊલટભેર ભાગ લીધી હતો. મહોત્સવના ઉપાધ્યક્ષ શ્રી પીનાકીન છેડાએ આભાર વિધિ કરી. મહોત્સવની કમિટી દ્વારા સાધર્મિક ભક્તિ યોજાઈ.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,